# આધ્યાત્મિક કેડી

તંત્રી : સંપાદક : કૈલાસબહેન એન. પરીખ



॥ કમલાસન પર બિરાજેલાં ગાયત્રી માતા ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥

વર્ષ ૧૧ ] જાન્યુઆરી ૧૯૯૨ [ અંક ૧લો

Scanned by CamScanner

# મારા જીવનનાં નવ સૂત્રો

૧. ઇષ્ટમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી.

૨. નિઃસહાયને સહાય કરવી.

૩. દુઃખીઓનાં દિલનાં આંસુ લૂછવાં.

૪. કોઈની ઇર્ષ્યા કરવી નહિ.

૫. કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.

૬. પરનિન્દાથી દૂર રહેવું.

૭. પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.

૮. નિઃસ્વાર્થ સેવા કરવી.

૯. અહમ્‌નો ત્યાગ કરવો.

એન. બી. દવે (શાસ્ત્રીજી)

૭૭, 'શ્રદ્ધા', યોગેશ્વરનગર સોસાયટી, ભઠ્ઠા પાસે,
અંજલિ સિનેમા પાછળ, વાસણા, અમદાવાદ – ૩૮૦ ૦૦૭

Scanned by CamScanner



# આધ્યાત્મિક કેડી

[ શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ–૩૮૦૦૧૫ ]

વર્ષ ૧૧ ] ★ જાન્યુઆરી : ૧૯૯૨ ★ [ અંક ૧ લો

## અનુક્રમણિકા

| | | | |
|---|---|---|---|
| ૧. | તપ અને આર્જવ | શાસ્ત્રીજી | ૩ |
| ૨. | દેવલોકની એક દેવીએ પધારી– | મુંજાલ દવે 'મુંજ' | ૭ |
| ૩. | શ્રી સદ્‌ગુરુનો સ્વીકાર | કમલ જાની | ૧૦ |
| ૫. | પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં... | ... | ૧૨ |
| ૫. | અલ્પના અને અશોકનો મેળ | ... | ૧૪ |
| ૬. | સાચો જ્ઞાની | ડૉ. કાન્તિલાલ કાલાણી | ૧૬ |
| ૭. | કાળના મુખમાંથી | ... | ૨૦ |
| ૮. | સાચી શ્રદ્ધા | ... | ૨૨ |
| ૯. | નવજીવન | ... | ૨૪ |
| ૧૦. | રાજધાની એક્સપ્રેસ ગોધરા થોભે છે | ... | ૨૬ |
| ૧૧. | રાજદૂત | ... | ૨૮ |
| ૧૨. | સમાચાર | ... | ૨૯ |

★ આ ત્રૈમાસિક જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઑક્ટોબર માસમાં પ્રગટ થશે. ★ આપનું ૧૯૯૨ ના વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી. ★ પાંચ વર્ષનું એકસામટું લવાજમ સ્વીકારવામાં આવે છે.

★ વાર્ષિક લવાજમ રૂપિયા દસ ★

પ્રકાશક : શ્રી કૈલાસબહેન એન. પરીખ, શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, 'નિલોષા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ – ૩૮૦૦૧૫

મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧ * ફોન : ૩૯ ૨૫ ૧૨

Scanned by CamScanner




# આધ્યાત્મિક કેડી

જાન્યુઆરી : ૧૯૯૨


# તપ અને આર્જવ

**શાસ્ત્રીજી**

સોનું તપાવવાથી વિશેષ પરિશુદ્ધ બને છે. લોખંડ તપાવવાથી નરમ બને છે અને તેને મનપસંદ આકાર આપી શકાય છે. સૂર્યના પ્રખર તાપથી નદી–સમુદ્રનાં પાણી ગરમ થાય છે, એની વરાળથી વાદળાં બંધાય છે. વરસાદ વરસે છે. વરસાદથી ધનધાન્ય પાકે છે, હરિયાળી પથરાય છે, એટલું જ નહિ, વરસાદનું સંઘરેલું પાણી ઊર્જા–વીજળી ઉત્પન્ન કરે છે. ઉનાળાના બળબળતા તાપમાં આમ્રફળ પાકે છે અને આપણને એની મીઠાશનો આનન્દ મળે છે. આમ આપણા વ્યવહારજીવનમાં વિવિધરૂપે તાપની મહત્તા અને ફળશ્રુતિનો પરિચય પ્રાપ્ત થાય છે. કોઈપણ વસ્તુની પરિપક્વતા માટે તાપ જરૂરી બને છે. ધાન્ય પકવવા પણ અગ્નિના તાપની જરૂર છે. સમયના પ્રવાહમાં તણાતા, ઘસાતાં, ઘસડાતાં કોઈ પણ બાબત કે પરિસ્થિતિનું નવતર પરિણામ અનુભવાય છે. એ એક અનુભવનો વિષય છે.

નદી–સમુદ્રના તળિયે બેઠેલા અનેક કંકર પાણીના પ્રવાહની થાપટથી ગોળ અને લીસ્સા બને છે. સૃષ્ટિની જડ–નિર્જીવ વસ્તુઓ તાપના પ્રભાવે પરિપક્વ, આકર્ષક, ઉપયોગી, નૂતન પરિણામ અને પરિમાણ ધારણ કરી શકતી હોય તો ચેતન તત્ત્વ માટે એ ઉપકારક નીવડે ખરો ? કોઈ પણ ચીજ કે બાબતની પરિપક્વતા માટે, એવા શુભ પરિણામ માટે તાપની મહત્તા સ્વીકારાતી હોય તો મનુષ્ય માટે એ ઉપકારક ખરી ? એવા પ્રશ્નો સહેજે વિચારવા જેવા છે.

મનુષ્ય પરિપક્વ ક્યારે બને ?

તમે કદાચ કહેશો કે મનુષ્ય જન્મ્યા પછી દિનપ્રતિદિન પરિપક્વ થતો જ જાય છે. શું તે દિવસે દિવસે વયમાં મોટો–પરિપક્વ થતો નથી ?

વય વધવાની સાથે મનુષ્ય અવશ્ય મોટો થાય છે પણ મનુષ્યની સાચી પરિપક્વતાને તેની વય સાથે સંબંધ નથી.

મનુષ્યની સાચી પરિપક્વતા કઈ ? મનુષ્ય પરિપક્વતા ક્યારે પ્રાપ્ત કરી શકે ? કઈ રીતે પ્રાપ્ત કરી શકે એવા પ્રશ્નો વિચારણા માંગી લે છે.




Scanned by CamScanner

મનુષ્યની વય વધવાની સાથે તે શરીર અને મનથી પુષ્ટ બને તે જરૂરી છે. મનુષ્યના સમસ્ત અસ્તિત્વની—અવતારની પરિશુદ્ધિ પરિપક્વતા જરૂરી છે. એ માટે આંતરશુદ્ધિ જરૂરી છે. એવી આંતર-બાહ્ય શુદ્ધિ તપના પ્રભાવે કરીને જ પ્રાપ્ત કરી શકાય છે.

મહાભારતમાં ભિષ્મ પિતામહે સર્વ ધર્મ કાર્યોમાં તપને શ્રેષ્ઠ કહ્યું છે.

શ્રીકૃષ્ણના મતાનુસાર દૈવી સંપતના ગુણવાળી વ્યક્તિ તપસ્વી હોય છે.

તપ શું છે?

તપની આંતર-બાહ્ય અર્થછાયાઓને સમજવાની જરૂર છે.

જંગલમાં જઈ પલાંઠી મારી, ગૃહ-સંસાર કે કર્તવ્ય ભાવનાથી વિમુખ બની મનોનિગ્રહ માટે, ઈશ્વર સાક્ષાત્કાર માટે હઠાગ્રહ કરી બેસી રહેવું એ તપ નથી.

---

“સમસ્ત અસ્તિત્વને ભૌતિકતાથી અલિપ્ત બનાવી સાત્વિક, ઊર્ધ્વગામી ને આધ્યાત્મિક સંકલ્પોથી સભર બનાવવાની, તેને ચરિતાર્થ કરવાની, તેને જાળવી રાખવાની મનની આંતરપ્રક્રિયા તે તપ છે. મનની આવી આન્તરપ્રક્રિયામાંથી પસાર થવાથી મનુષ્ય સ્વયં શુદ્ધિ, સંતોષ અને માનસિક, ચિરંજીવ આનન્દની અનુભૂતિ કરી શકે છે. આવી અનુભૂતિ મનુષ્યને અંતર્મુખી બનવામાં ઉપકારક નીવડે છે. અન્તતોગત્વા અન્તર્મુખી બનવાની આન્તરપ્રક્રિયા એ તપ જ છે.”

---

તપ એ મનુષ્યના અસ્તિત્વની એક આંતરપ્રક્રિયા છે, જેમાં વ્યક્તિનો પોતીકો પુરુષાર્થ કાર્યશીલ બને છે. આ તપની પ્રક્રિયામાં માત્ર મનુષ્યનું શરીર જ નહિ, પણ તેનાં મન-આત્મા વિશેષપણે જોડાયેલાં રહે છે. અલબત્ત સાધનનો જેમ પરિહાર કરી શકાતો નથી તેમ શરીરની મહત્તા તપ માટે નકારી શકાય નહિ. પણ શારીરિક પરિપક્વતા સાથે આત્માની પરિપક્વતા માટે, સમસ્ત અસ્તિત્વ અને મનુષ્ય અવતારની પરિપક્વતા માટે, સાત્વિકતા માટે, પવિત્રતા માટે પુરુષાર્થ કરવો ઘટે. એ જ સાચું તપ છે.

આહારવિહારની નિયમિતતા, સાત્વિક ખોરાક અને તંદુરસ્ત, સ્વસ્થ, આહ્લાદક વિચારો શરીરને પુષ્ટ કરવામાં ઉપકારક નીવડે છે. રાત્રે સમયસર સૂઈ જવું, સવારે વહેલાં ઊઠી જવું, નિયમિત ઈષ્ટ સ્મરણ, જપ, ધ્યાન કરવાં, નિયમિત સાત્વિક ખોરાક ખાવો વગેરે બાબતોનો નિયમ કરવાથી, એમાં નિયમિતતા કેળવવાથી [illegible] શરીર તંદુરસ્ત રહે છે.

ત્યાર બાદ મનુષ્યે સાચા તપની પ્રક્રિયામાં જોડાવાનું છે. એમાં શરીર ઉપરાંત મન-આત્માને વિશેષપણે જોડવાનાં છે.

સ્વ અથવા સમષ્ટિના શ્રેયાર્થે સતત અથવા નિર્ધારિત સમય દરમ્યાન નિયમિત અને શિસ્તબદ્ધ રીતે ઈષ્ટનું નામસ્મરણ કે જપ કરવા. મન, વચન અને કર્મથી શુદ્ધ બની પવિત્ર અને સાત્વિક બનવાનો તેમ જ રહેવાનો પુરુષાર્થ આદરવો અને મન, વાણી અને કર્મને સતત ઈષ્ટ કાર્યોમાં રત રાખવાં. સ્વ અને સમષ્ટિના કલ્યાણાર્થે સત્સંકલ્પો કરવા અને જીવનમાં કરેલા સંકલ્પોને જાળવી રાખવા અને પરિપૂર્ણ કરવા શરીર અને મનથી સતત પ્રયત્નશીલ રહેવું એ તપ છે.



Scanned by CamScanner

અહીં તમે પૂછશો: કેવો સંકલ્પ કરવો? કયો સંકલ્પ સારો?

મનુષ્યનું જીવન જ સંકલ્પોથી ભરેલું છે અને પરિપૂર્ણ કરવા તે મથ્યા કરે છે પણ મનુષ્યના તમામ સંકલ્પો પરિપૂર્ણ થાય જ છે એવું નથી બનતું કારણ કે મનુષ્યના મોટા ભાગના સંકલ્પો ભૌતિક સુખની પરિપૂર્તિ અર્થેના જ હોય છે. તેના એ સંકલ્પો સિદ્ધ ન થતાં તે વિષાદ ને દુઃખ અનુભવે છે. અલબત્ત ભૌતિક સુખની આકાંક્ષા પણ સ્વાભાવિક છે, પણ એ સાથે પણ –

મનુષ્યે જીવનનો એક સાત્વિક માર્ગ નક્કી કરી, તેને અપનાવી, ઈષ્ટની શરણાગતિ સ્વીકારી, શ્રદ્ધાપૂર્વક તેનું સ્મરણ કરતાં રહીને, તેને સંપૂર્ણ સમર્પિત થઈ ને, લાભાલાભ, જય પરાજય, સફળતા–નિષ્ફળતા, સરળતા કે અંતરાયોનો વિચાર કર્યા વિના, અનુકૂળતા–પ્રતિકૂળતાની પરવા કર્યા વિના, પ્રતિકૂળતા–અન્તરાયો કે વિષમતાનો જ અનુભવ થાય તો પણ, ઈશ્વરને ઓળખીને સન્માર્ગે આગળ વધતાં જવું, સત્કાર્યોમાંથી ચલિત ન થવું, જીવનમાં ઉદ્ભવતી–અનુભવાતી અનેકવિધ વિભિન્ન પ્રકારની અનુકૂળ–પ્રતિકૂળ તેમ જ સમ–વિષમ પરિસ્થિતિઓમાં ઈશ્વરીય શુભ સંકેત વાંચીને કાર્ય કર્યે જવું એ તપ છે. જીવનની ફરજો–કર્તવ્યો અદા કરીને મનથી અંતર્મુખ બનવાનો મનુષ્ય સતત પ્રયત્ન આદરે તો તે ઈષ્ટની કૃપાનો અધિકારી બનશે અને તેની નિકટતાનો અનુભવ કરી શકશે.

મારી દૃષ્ટિએ તો બ્રાહ્મમુહૂર્તના ઠંડા પહોરની મીઠી નિદ્રાનો ત્યાગ કરી, પથારી છોડી, જપ અને ધ્યાનમાં લીન બની બેસી જાઓ એ જ એક મોટી તપશ્ચર્યા છે.

---

“સરળતા ઈશ્વર સાથે ત્વરાથી અનુસન્ધાન સાધી આપે છે. ઈશ્વર સમીપ પહોંચવાનો સેતુ છે – રાજમાર્ગ છે.”

---

આથી એ વિશ્વમાં ષડ્રિપુના સંહાર માટે સતત સજાગ, સાવધ અને પ્રયત્નશીલ રહેવાય તો તે પણ એક તપ જ છે.

કોઈકનો મહેલ જોઈને આપણી ઝૂંપડી તોડી નાખવી ઉચિત નથી. ભૌતિક સુવિધાઓ જરૂર પ્રાપ્ત કરો, પણ કેવળ ભૌતિકતા તરફ આંધળી દોટ મૂકવી ઉચિત નથી. પોતાની સમસ્ત વૃત્તિ–પ્રવૃત્તિને અન્તર્મુખી ને સાત્વિક બનાવી મન અને આત્માની પુષ્ટિ માટે, માનસિક સંતોષ અને સુખ માટે, મનની શાંતિ માટે પ્રયત્નશીલ રહીએ તે જ ઉચિત છે.

નિષ્કામ અને નિઃસ્વાર્થ ભાવે કોઈને પણ મદદરૂપ થવાની ભાવના પણ તપનો એક પ્રકાર છે. લોકસેવાનું કાર્ય કરવું એ પણ તપ જ છે. કોઈ સત્કાર્ય કરવાથી મનને શાંતિ અને સંતોષ મળે એ કાર્ય તપ છે. જે કોઈ કાર્ય કરવાથી મનની, હૃદયની, અસ્તિત્વની પવિત્રતા, સાત્વિકતાનો અનુભવ થાય તે તપકાર્ય જ છે. એવા કાર્ય માટે જ પ્રયત્નશીલ રહેવું ઘટે એમ હું માનું છું.

આમ કરતાં કરતાં વ્યક્તિની મનોશક્તિ જાગૃત થાય છે. તે ગોચર સૃષ્ટિને ભેદીને અગોચરને આંબી શકે છે. અગોચર એંધાણ–સંકેત પ્રાપ્ત થઈ શકે છે, દૈવી સંકેતો ઝીલી શકાય છે અને વ્યક્તિ ધાર્યું કામ પાર પાડી શકે છે. વ્યક્તિનું સમસ્ત આંતરબાહ્ય વ્યક્તિત્વ તેજસ્વી, આકર્ષક અને પ્રભાવશાળી બને છે. એક પ્રકારની દિવ્યતાની આભા પણ વ્યક્તિત્વમાં નિખરી આવે છે. સાંસારિક ખટપટો કે અન્ય આસુરી તત્વો તેને સ્પર્શી શકતાં નથી. તેને ચલિત કે વિક્ષિપ્ત કરી શકતાં નથી કે રંજાડી શકતાં પણ નથી. તે પોતાના ધ્યેયની સિદ્ધિ માટે એકલક્ષ અને એકાગ્ર બનીને મથ્યા કરે છે અને આગળ વધતો રહે છે.



Scanned by CamScanner

આમ સમસ્ત અસ્તિત્વને ભૌતિકતાથી અલિપ્ત બનાવી સાત્વિક, ઊર્ધ્વગામી ને આધ્યાત્મિક સંકલ્પોથી સભર બનાવવાની, તેને ચરિતાર્થ કરવાની, તેને જાળવી રાખવાની મનની આંતરપ્રક્રિયા તે તપ છે. મનની આવી આંતરપ્રક્રિયામાંથી પસાર થવાથી મનુષ્ય સ્વયં શુદ્ધિ, સંતોષ અને માનસિક ચિરંજીવ આનન્દની અનુભૂતિ કરી શકે છે. આવી અનુભૂતિ મનુષ્યને અંતર્મુખી બનવામાં ઉપકારક નીવડે છે. અન્તતોગત્વા અન્તર્મુખી બનવાની આન્તરપ્રક્રિયા એ તપ જ છે.

શ્રીકૃષ્ણ ભગવાને આર્જવને દૈવી લક્ષણ તરીકે ઓળખાવ્યું છે.

આર્જવ એટલે સરળતા.

સરળતા એ વ્યક્તિના વ્યક્તિત્વનું આગવું તરી આવતું લક્ષણ છે. સરળતાનો ગુણ વ્યક્તિને પ્રભાવશાળી અને આકર્ષક બનાવે છે. સરળતા એટલે વાણી, વર્તન, વ્યવહારની એકરૂપતા, સૌની સાથે ભળી જવાની વૃત્તિ, અહમ્ ઈર્ષ્યાનો અભાવ, દુન્યવી ખટપટો પરત્વે ઉદાસીનતા, પ્રેમાળ-માયાળુ સ્વભાવ અને સદા આનન્દમાં રહેવાની સ્થિતિને સરળતા ગણી શકાય એમ હું માનું છું.

ઉપરાંત કૂડકપટ, રાજરમત, દંભનો સદંતર અભાવ એ પણ સરળતા જ છે.

આવી સરળતા વ્યક્તિના જીવનમાં સુખ, શાંતિ સંતોષ ને સ્વસ્થતા લાવે છે. જ્યાં સરળતા છે ત્યાં શ્રદ્ધાનો પ્રાદુર્ભાવ ત્વરાથી થાય છે. શરણાગતિનીસમર્પણની ભાવના પ્રબળ બને છે. જ્યાં સરળતા છે ત્યાં જ પ્રભુ પ્રત્યે પ્રેમ ઉદ્દભવે છે, ત્યાં જ ઈશ્વરનો વાસ છે.

સરળ સ્વભાવની, સરળ વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિ સાથે સંપર્ક કેળવવાનું મન થાય છે. સરળ વ્યક્તિની દોસ્તી સૌને ગમે છે. સરળ વ્યક્તિનું માર્ગદર્શન અને સાન્નિધ્ય આનન્દજનક ને રુચિકર નીવડે છે.

સરળતા ઈશ્વર સાથે ત્વરાથી અનુસન્ધાન સાધી આપે છે. ઈશ્વર સમીપ પહોંચવાનો સેતુ છે - રાજમાર્ગ છે.

માટે મનને—સમસ્ત અસ્તિત્વને—સરળ બનાવવાનો અને કૂડકપટ, રાજરમત, દંભ અને બીજાનું ખરાબ કરવાની કે બીજાને ખરાબ ચિતરવાની વૃત્તિથી દૂર રહેવાની દિશામાં માનવીનો પુરુષાર્થ થવો ઉચિત છે.

ઉપસ્થિત થયેલી પરિસ્થિતિનો સામનો કરવામાં, આવનાર પડકારોને ઝીલી લેવામાં જ ખરું ડહાપણ છે. અર્જુનને બોધ આપતાં શ્રીકૃષ્ણ આ જ વાત સમજાવે છે. યુદ્ધ આવી ઊભું જ છે, તેથી યુદ્ધ માટે તૈયાર થા. તેનો સામનો કર. વિષાદ થાય એ સ્વાભાવિક છે, પણ કેવળ વિષાદને વળગી રહેવાથી કંઈ નહિ વળે.

□

Scanned by CamScanner

# દેવલોકની એક દેવીએ પધારી-

(આસો સુદ અષ્ટમી, તારીખ ૧૫ મી ઑક્ટોબર, ૧૯૯૧, મંગળવાર)

**સુંબાલ દવે-'મુંજ'**

**"દેવલોકની એક દેવીએ પધારી**
**પાવન કર્યા અમારા આંગણાં...."**

કુટિરના સુરભિમય વાતાવરણને પરમના અસ્તિત્ત્વની વધાઈ આપતાં ગરબાના ઉપરોક્ત શબ્દો સાંભળતાં જ 'શ્રદ્ધા' પરના આકાશમાં હસું હસું થઈ રહેલો આસો સુદ અષ્ટમીનો ચંદ્ર મન મૂકીને મલકી ગયો...

૧૯૯૧ની તારીખ ૧૫મી ઑક્ટોબર ને મંગળવારની એ મંગલકારી રાત્રિએ હજુ તો હમણાં જ ગરબાની સુરાવલિઓમાં મગન થયેલા ગગનને પોતાનો શ્યામલ પાલવ ઓઢાડયો હતો. નવરાત્રિમાં પણ અષ્ટમીની રાત્રિ એટલે પરમ સમીપનું પર્વ. તેથી જ, 'શ્રદ્ધા'ની ભક્તિદા ભૂમિ પર આજ વિશાળ ભક્તસમુદાય ભગવતીના અગોચર અસ્તિત્વની અનુભૂતિ પામવા સદાસ્મરણીય સદ્‌ગુરુદેવના સુખદ સાન્નિધ્યમાં એકત્રિત થયો હતો. સમગ્ર વિશ્વમાંથી હાથ ઝાલી દિવ્ય સુરભિઓને 'શ્રદ્ધા' પ્રતિ લઈ આવતો શીળો સમીર જગજનનીની લાડકવાયી કુટિરને હળવી ટપલીઓ મારી આવનારી કો' મહામૂલી પળની આગાહીઓ જ કરતો હશે ને...? છતાં—

---

"મહાભાવ અવસ્થામાં મા સાથે રમન્તા બાળકના—ગુરુદેવના—એ સ્વરૂપને અને તે દૃશ્યને ભક્તહૃદય ક્યારેય વિસરી જ ન શકે. મસ્તકે વિખરાઇ ગયેલાં શ્યામ કેશ, પુનિત પ્રસ્વેદના બિંદુઓથી વધુ તેજસ્વી ઝગમગાટ કરતું શરીર, ઢોલના નાદે-નાદે ઠમક ઠમક નાચી રહેલાં મૃદુ ચરણોની મસ્તી, અમસ્તી અમસ્તી હસી રહેલી એ વદનમુદ્રા...."

---

—ઢોલના ઘેઘૂર નાદ અને તાળીઓના તાલે વર્તુળાકારે ઘૂમી રહેલાં અનેક ભક્તચરણોને હજુ કૈંક ખૂટતું હોય તેમ લાગતું હતું...'શ્રદ્ધા'ના એ શક્તિમય ચોકને પ્રતીક્ષા હતી પરમેશ્વરીને પૃથ્વી પર પ્રગટવાનું અધિકારપૂર્ણ આમંત્રણ આપનારા તારુણ્યસભર વાનપ્રસ્થી શાસ્ત્રીય ચરણોના ઠેકાની...! કિંતુ, એ ચંદનાર્ચિત ચરણોનો સ્વામી તો આજે કુટિરના હૃદયાસન પર ઝૂલતો વારંવાર પોતાનાં નેત્રોનો લૌકિક જગત સાથેનો સંબંધ તોડી, અલૌકિકમાં દૃષ્ટિ કરી, દૂર દૂરથી 'શ્રદ્ધા' પ્રતિ મંડાઈ ચૂકેલા વેદજનનીના કલ્પચરણ અને 'શ્રદ્ધા' વચ્ચેનું પ્રતિપળ ઘટતું જતું અંતર હર્ષિત હૃદયે નિરખી રહ્યો હતો...અને હા, આજના મંગલ પ્રભાતે જ પોતાના તેજસ્વી લલાટે છૂપકે છૂપકે કુમકુમનું તિલક કરી ગયેલી મા સાથે ગરબે રમવા પછીમાં થનગનતું શૈશવી હૃદય બાળહઠ તો કરે જ ને? એટલે જ—

—પોતાના પગલે પગલે પરવરતા મા-હૃદયની ભીતરમાં રાસે રમવાની ઇચ્છા પ્રગટાવવા પૂજ્ય ગુરુદેવ અનેકના વેરાન જીવનવનમાં વૃંદાવન સર્જનારી વાંસળી સાથે વિરામપશ્ચાત્ પુનઃ શરૂ થયેલા ગરબામાં પધાર્યા કે તરત જ ગીત-સંગીત-નાદ-તાલ-સ્થળ-કાળ-સમરતમાં ભરત થઈને પ્રસરતાં



Scanned by CamScanner

આધ્યાત્મિક આંદોલનોએ માહોલને દિવ્યતામાં ઢાળવાનું શરૂ કર્યું.. કહે છે કે, લૂંટાવનાર જ્યારે લૂંટાવવા બેસે છે ત્યારે લૂંટનાર પણ લૂંટવામાં કંઈ બાકી નથી રાખતા...અને તેમાં પણ આ તો સહુને પોતાનું ખૂબ જ સમીપનું લાગતું સ્વજન છતાં સદા સ્વના સામીપ્યમાં જ 'ત્વ'ની અનુભૂતિ કરાવનારું મનોહર વ્યક્તિત્વ...એટલે રાસની રમઝટમાં લૂંટવામાં કોણ બાકી રહે? સમદર્શી સદ્‌ગુરુદેવે સસ્મિત વદને સહુને પોતાના સામીપ્યનો સંતોષકારક અનુભવ અર્પીને રાસના એ વર્તુળથી જ પોતાની વહાલપનું વર્તુળ જાણે કે દરેકે દરેક ભક્તહૃદયની ફરતે રચી દીધું...!

પુનઃ થોડી પળોના વિરામ બાદ 'શ્રદ્ધા'નો આહ્‌લાદક ચોક ઢોલના ઢમકાર અને હાર્મોનિયમ પરથી રેલાતી ભુજંગનૃત્યની ધૂનથી નાચવા લાગ્યો. અગાઉથી નિશ્ચિત કર્યા મુજબ ગાયત્રીપરિવારના ચાર ભક્તયુવાનો સાથે ક્રમશઃ પૂજ્ય ગુરુદેવે સર્પ-મદારીનો માર્મિક ખેલ કર્યો. નાગની માફક ડોલાયમાન નૃત્ય કરતાં નરદેહી ભક્ત સામે મદારીની માફક નૃત્ય કરતા નરેન્દ્રદેવને નિરખીને ચોરણિયા શબ્દો યાદ આવે :-

---

"એટલે જ માતૃપ્રેમની પરાકાષ્ઠાએ વિહરતા ગુરુદેવે 'કોઈ હાર્યું નહિ, કોઈ જીત્યું નહિ' એવું વિચારીને અથવા અતિ ભાવાવેશમાં રાસ રમતાં રમતાં પોતાને ભેટી પડેલી માને ભેટવા આલિંગન કર્યું"....અને...."

---

ગુરુ અમારા ગારૂડી, અમ પર કીધી મ્હેર
મહોરો દીધો મહામંત્રનો, ચૂસી લીધાં અમારાં ઝેર.

એક પછી એક એમ ચારે ય યુવાનો સાથે ખેલી ચૂકેલા ભૌતિક રીતે ૬૦ વર્ષના અને આધ્યાત્મિક દૃષ્ટિએ સત્તર વર્ષના એ 'છોકરા'એ જે ઉછળ-કૂદ કરીને બીનની સુરાવલિઓ પર નૃત્ય કર્યું તેનું વર્ણન કરતી વખતે 'બિચ્ચારી' કલમની કલ્પનાશક્તિની દયા જ આવે છે!

અટકી ગયો હશે ચંદ્ર આકાશમાં પરાકાષ્ઠાએ પહોંચેલું સંગીત—ઢોલના નાદ—બીનની ગતિમય ધૂન—અને ડાબે-જમણે ગોઠવાઈ જઈને ચોકમાં ચચ્ચાર યુવાનો વચ્ચે થનગનાટ કરતાં ગુરુદેવને નિષ્પલક નેત્રે નિહાળી રહેલાં અન્ય ભક્તો, દાંડીયા ને તાળીઓના તાલનો સાથ આ નૃત્યમાં ક્યારે આપવા માંડયા તેની તો તે ભક્તોને ય ખબર રહી નથી! અને...

આવા મસ્ત માહોલમાં 'શ્રદ્ધા' સુધી આવી પહોંચેલા વેદજનનીનાં ચરણોમાં રણઝણતાં નુપૂરનો નાદ સાંભળી લીધો હોય તેમ બધાંને એકતરફ ખસી જવાનો સંકેત કરી પૂજ્ય ગુરુદેવે જાણે રાસરાસેશ્વરી સાથે રમવાની શરૂઆત કરી...પોતાનાં દિવ્યચક્ષુઓથી-સન્મુખે પધારેલી 'મા'નું સ્વાગત કરવા એ આનનમ શીશ સહજ નમ્યું. નમસ્કારની સાથે જ વાંસળીથી સામે તાલ આપવાનું સાતત્ય જળવાયું હતું. થોડી ક્ષણો તે મુદ્રામાં રહ્યા બાદ ભાવાવેશમાં આવી ગયેલા ગુરુદેવે બાળસહજ મસ્તીથી મા સાથે રાસ રમવાનું શરૂ કર્યું...

—પેલો ચંદ્ર ચૂકયો કે શું? ૬૦ વર્ષે પહોંચેલો કોઈ પુરુષ આવી મુક્ત રીતે શરીર ઉછાળીને રમી શકે ખરો? સતત ૪૦ મિનિટથી એકધારા રેલાઈ રહેલા બીનના આ સંગીતને અને થાકેલા ઢોલીડાના બાવડાંને સાતત્યનું બળ કોણ આપી રહ્યું છે સતત? રે, આ પળનું વર્ણન કરવાનું ગજું કોણ ગજવશે—શબ્દોમાં?

મહાભાવ અવસ્થામાં મા સાથે રાસ રમન્તા બાળકના—ગુરુદેવના—એ સ્વરૂપને અને તે ક્ષણને ભક્તહૃદય ક્યારેય વિસરી ન જ શકે. મસ્તકે વિખરાઈ ગયેલા શ્યામ કેશ, પુનિત પ્રસ્વેદનાં બિંદુઓથી



[ આધ્યાત્મિક કેડી, જાન્યુઆરી, '૯૨

વધુ તેજસ્વી ઝગમગાટ કરતું શરીર, ઢોલના તાલે-તાલે ઠમક-ઠમક નાચી રહેલાં મૃદુ ચરણોની મસ્તી, મરકતી મરકતી હસી રહેલી એ વદનમુદ્રા, સામાન્યજન માટે અગોચર એવી મહાશક્તિ સાથે રાસની રમઝટ—આ બધું દૃષ્ટિએ જોયું છે તો દૃષ્ટિને વાણી નથી ને વાણી વર્ણવી શકે છે તો તેને દૃષ્ટિ નથી ! વળી, વેદજનનીના આગમનની સાથોસાથ જ ઢોલના તાલ સાથે તાલબદ્ધ રીતે કુટિરના હૃદય જેવો પૂજ્ય ગુરુદેવનો ઝૂલો પણ આપમેળે જ ઝૂલવા માંડ્યો ત્યારે પરમના અસ્તિત્વની અસર કેવી હોય છે તેનો ત્યાં હાજર રહેલાં સહુને ખ્યાલ આવ્યો.

૧૯૬૧માં ગોધરામાં લાલ બાગ ટેકરીએ નવરાત્રિની પાંચમે યુવતીરૂપે રાસમાં પ્રવેશી પોતાની સાથે રમી-રમીને થકાવીને ચાલી ગયેલી વ્હાલસોયી મા ૧૯૯૧માં એટલે કે ત્રીસ વર્ષે આજ ફરીથી રાસની રસલ્હાણ કરવા આવી હતી ત્યારે 'હવે થાકવાનું નામ દે એ બીજા' એ રીતે પૂજ્ય ગુરુદેવ ભાવમગ્ન બનીને રાસમાં મસ્ત હતા. એક તરફ મહાશક્તિ ને બીજી તરફ રાસરાસેશ્વર...આ રાસલીલાનો તો યુગોયુગો સુધી વિરામ ન આવે...! એટલે જ, માતૃપ્રેમની પરાકાષ્ઠાએ વિહરતા ગુરુદેવે 'કોઈ હાર્યું નહિ, કોઈ જીત્યું નહિ' એવું વિચારીને અથવા અતિભાવાવેશમાં રાસ રમતાં રમતાં પોતાને ભેટી પડેલી માને ભેટવા માટે આલિંગન કર્યું"...અને

પૂજ્ય કૈલાસબહેને ગુરુદેવના ખભે હાથથી સ્પર્શ કર્યો. તરત જ દિવ્ય મસ્તીમાં મસ્ત પૂજ્યશ્રીની દૃષ્ટિ પૂ. કૈલાસબહેન પર પડી. એ દૃષ્ટિમાં મા હતી—વાત્સલ્ય હતું—દિવ્યતા હતી—મીઠો ઠપકો પણ ખરો. પૂ. કૈલાસબહેને નાના બાળકને ફોસલાવતા હોય તેમ ગુરુદેવને મનાવ્યા. વિશ્રામ લેવા સમજાવ્યા, રાસની રસલ્હાણ કરીને પરમેશ્વરી તો પોતાની મંદિરમાં મૂકેલી છબી પાસે કંકુનો છંટકાવ કરીને અંતરિક્ષમાં અગોચર થઈ ગયાં હતાં.

થોડી પળોના વિરામ બાદ પુનઃ રાસ-ગરબા શરૂ થયા. વાતાવરણમાં દિવ્ય-સુરભિ પ્રસરી હતી. પૂ. ગુરુદેવ ફરી એકવાર ગરબામાં ઘૂમીને પોતાની અસીમ શક્તિનો પ્રત્યક્ષ પરિચય કરાવ્યો. છેલ્લે, ભગવતીની સ્તુતિ-આરતી કરીને પ્રસાદ લઈ સહુએ આ પરમઆનંદ આપનારા પ્રસંગનું સ્મરણ કરતાં કરતાં વિદાય લીધી.

❑

Scanned by CamScanner

# શ્રી સદ્ગુરુનો સ્વીકાર

કમલ જાની

[ પૂ. શ્રીના એક બાળ શ્રી કમલ જાનીએ પૂ. શ્રીની ષષ્ટિપૂર્તિ દિને સદ્ગુરુનો સ્વીકાર કરતાં જે પોતાનું મન્તવ્ય રજૂ કર્યું હતું તેને અમે તેમના શબ્દોમાં યથાતથ રજૂ કર્યું છે. આશા છે વ્યક્તિએ સદ્ગુરુના કરેલા સ્વીકારમાં તે ઉપકારક ને માર્ગદર્શક નીવડશે. —સં૦ ]

પરમ પૂજ્ય ગુરુદેવ,

આપના જીવનના અતિ મહત્ત્વના, અતિ પવિત્ર અને મંગલ દિને મારાં કોટિ કોટિ વંદન અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સ્વીકારશો.

આજના આ મંગલ દિને આપશ્રી ૬૦મા વર્ષમાં પ્રવેશી રહ્યા છો તે નિમિત્તે અમે સૌ આપનાં શિષ્યો, માનાં બાળકો તથા આપની આધ્યાત્મિક સેનાનાં સૈનિકો ખૂબ જ ગૌરવ અનુભવી રહ્યાં છીએ. અમે સૌ તો આપની ચરણપાદુકાની રજ માત્ર છીએ. આ પવિત્ર પ્રસંગ તો માતાજી પોતે જ પોતાના અતિ પ્રિય એવા બાળકુંવર, જે સદાય ને માટે શ્રદ્ધા અને શરણાગતિથી માતાજીનો સાક્ષાત્કાર પામી ચૂક્યા છે, તે વેદમાતા જગતજનની મા ગાયત્રી પોતે આ પ્રસંગ ઉજવી રહ્યાં છે.

"ગુરુ એ જ અંતર્યામી ઇષ્ટ (માતાજી)નું બહિરંગ સ્વરૂપ છે."

*

"સદ્ગુરુ ઈશ્વરને (ઇષ્ટને) પામવાનું એક સૂક્ષ્મ પારદર્શક માધ્યમ છે. તેમના સંતોષથી જ ઈશ્વર (ઇષ્ટ) સંતોષ પામે છે."

આજના આ મંગલ અને પવિત્ર દિને હું માતાજીને એ જ નમ્ર પ્રાર્થના કરું છું કે આપને દીર્ઘાયુ બક્ષે અને અમારા જેવા હજારો, લાખો મનુષ્યોને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી મુક્ત કરવા કલિયુગમાં પ્રાપ્ત એવાં અમૃત સમાન જીવનજળની પ્રસાદીની પ્રાપ્તિ થાય અને આપના આશીર્વાદથી ત્રિપદા ગાયત્રી મહામંત્રથી માતાજીની કૃપા થાય અને સર્વેનું કલ્યાણ થાય. જેમ હજારો વર્ષો પહેલાં મહર્ષિ શ્રી વિશ્વામિત્રે આવાહન કરીને વેદમાતા ગાયત્રીની આ પૃથ્વી પર પધરામણી કરી તેવી જ રીતે આપે આ કલ્યાણક કરવા કલિયુગમાં અવતાર લઈ ને ગાયત્રી માતાનો સાક્ષાત્કાર કરી અમને સૌને ત્રિપદા ગાયત્રી મહામંત્રની મંત્રદીક્ષા આપી માતાજીની વધુ ને વધુ કૃપા પ્રાપ્ત કરવાનો અને સાધના કરવાનો જે આધ્યાત્મિક પથ બતાવ્યો છે, તે બદલ અમે તમારાં જન્મોજન્મનાં ઋણી રહીશું.

આપશ્રી મા ગાયત્રીના આદેશ પ્રમાણે જે કાર્યરત કરી રહ્યા છો અને તે માટે આપે જે આધ્યાત્મિક સેના ઊભી કરી છે તેના આપશ્રી રાજાધિરાજ છો. અમે સૌ આપની સેનાનાં સૈનિક છીએ. આપે આપેલા ત્રિપદા ગાયત્રી મહામંત્રના માધ્યમથી સ્વ કલ્યાણ, કુટુંબ કલ્યાણ, દેશ કલ્યાણ અને વિશ્વ કલ્યાણનાં પવિત્ર કાર્યમાંની એક એક આહુતિ સમાન અમે નિમિત્ત બનીએ તેવા આશીર્વાદ આપવા નમ્ર પ્રાર્થના છે.

કોઈ પણ નિષ્ઠાવાન આત્મા જે અધ્યાત્મની શોધમાં છે તેણે ગુરુ પરંપરાને અનુસરીને સાચા ગુરુને શોધી કાઢવા જોઈએ. વૈદિક જ્ઞાન ગુરુ–શિષ્યની પરંપરાથી ઊતરતું આવેલું છે. જેમ કોઈ પણ વિષય શીખવા તે વિષયના શિક્ષક કે પ્રાધ્યાપક પાસે જવું પડે તેમ આધ્યાત્મિક પૂર્ણતા મેળવવા માટે સદ્‌ગુરુને શરણે જવાની આવશ્યકતા રહેલી જ છે. સંસારી જીવ એવા પામર માનવીને સદ્‌ગુરુ સમીપ પહોંચવાની અને નિઃશેષપણે સદ્‌ગુરુનાં ચરણકમળોની શરણાગતિ સ્વીકારવાનું આવશ્યક છે. આ ભૌતિક વિશ્વમાં સુખ નથી. અહીં સુખ છે તેવી માન્યતા ભૂલભરેલી છે. કારણ કે આ સ્થળે દુઃખમય અવસ્થા સિવાય બીજું કશું પ્રાપ્ત થતું નથી. જે કોઈ મનુષ્યને સાચું સુખ મેળવવાની તીવ્ર ઇચ્છા હોય, ઈશ્વર-પ્રાપ્તિની જિજ્ઞાસા હોય, સાક્ષાત્કારની ઝંખના હોય તેવા મુમુક્ષુઓએ સદ્‌ગુરુની શોધ કરી લેવી જોઈએ અને મંત્રદીક્ષા લઈને તેમના શરણે જઈ તેમનો આશરો લેવો જોઈએ. ભૌતિક ઇચ્છાઓને બાજુએ મૂકીને જેમણે પરમેશ્વરનું સંપૂર્ણ શરણ લીધું છે, શ્રદ્ધા અને શરણાગતિથી જેમને સાક્ષાત્કાર થયો હોય તેવી મહાન વ્યક્તિઓ જ સદ્‌ગુરુ તરીકે ઓળખાય છે. નિજાનન્દની મસ્તીમાં, દિવ્યાનન્દની અવસ્થામાં પોતાને આરૂઢ કરવાની જીવનધ્યેયની સિદ્ધિ અર્થે સૌ કોઈએ આવા સદ્‌ગુરુ મેળવી લેવા જોઈએ. દરેક શિષ્યે ગુરુને સાક્ષાત્ ઈશ્વર કે ઈષ્ટ ( માતાજી ) સમાન જ ગણવા જોઈએ કારણ કે તેઓ ફક્ત શિષ્ય માટે ગુરુ જ નહિ, પણ પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનાઈશ્વરના, ઈષ્ટના કે માતાજીના પ્રતિનિધિરૂપ છે. ગુરુ એ જ અંતર્યામી ઈષ્ટ ( માતાજી )નું બહિરંગ સ્વરૂપ છે.

આ ભૌતિક વિશ્વ દુઃખો અને દર્દોનો વિશાળ દરિયો છે અને માયામય મોજાં જીવોને ( મનુષ્યોને ) સતત પછાડે જ છે. તેથી નિઃશંકપણે સૌ મનુષ્યોને તાત્કાલિક કળિયુગનો આ વિશાળ સાગર પાર કરવા નિષ્ણાત સુકાનીની, માર્ગદર્શકની જરૂર છે. જો આપણી જીવનનૌકાને કાબેલ સુકાનીને હવાલે મૂકીએ તો આપણે તદ્દન સહીસલામત જીવી શકીએ. ગુરુ પરંપરામાં ઉદ્‌ભવેલ સદ્‌ગુરુ કે ઈષ્ટને જ ગુરુ માની સાક્ષાત્કાર પ્રાપ્ત કરનાર સિદ્ધ સદ્‌ગુરુ એ નિઃશંક નિષ્ણાત સુકાની જ છે. આપણા ભૌતિક શરીરો નૌકા છે અને સદ્‌ગુરુની કૃપા એવા શબ્દો તે અનુકૂળ પવનો છે. જે કોઈ આવા સદ્‌ગુરુનું શરણ સ્વીકારે તો કલિયુગના વિસ્તૃત સાગરને પાર કરવામાં કોઈ મુશ્કેલી ના રહે. આરાધ્ય દેવની આરાધના કરતાં સાધકને ( શિષ્યને ) તેની સાધનાસિદ્ધિની મંઝિલ સુધી પહોંચાડવામાં આવા સદ્‌ગુરુની કૃપા, તેમની દિવ્ય દૃષ્ટિ, સચોટ માર્ગદર્શન જ મદદરૂપ થાય છે. માટે આવા સદ્‌ગુરુને પ્રાપ્ત કરી તેમને શરણે જઈ તેમનાં ચરણોમાં મસ્તક ઝુકાવી આશીર્વાદ લઈ ઈષ્ટની આરાધના કરવી તે જ સાચા શિષ્ય માટે યોગ્ય છે.

ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ અર્જુનને ઉદ્‌બોધે છે કે, "ગુરુદેવને શરણે જઈને સત્ય સમજવા પ્રયત્ન કર. વિનમ્ર ભાવે તેમને પૃચ્છા કર. જેમણે ઈશ્વરનો ( ઈષ્ટનો ) સાક્ષાત્કાર કર્યો છે તેઓ જ આત્મજ્ઞાન આપી શકે, કારણ કે તેમણે સત્યનું દર્શન કરેલું છે. તું તેમને વંદન કર અને તેમની સેવા કર.

સદ્‌ગુરુ ઈશ્વરને ( ઈષ્ટને ) પામવાનું એક સક્ષમ પારદર્શક માધ્યમ છે. તેમના સંતોષથી જ ઈશ્વર (ઈષ્ટ) સંતોષ પામે છે. તેથી હું મારા સદ્‌ગુરુને કોટિ કોટિ વંદન કરું છું, તેમની કૃપા વાંછના કરું છું. તેમનું ધ્યાન ધરું છું.

□

# પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં...

ગયા તા. [illegible] થી ઓક્ટોમ્બરથી પૂ. ગુરુદેવના નિવાસસ્થાને સાંજે ક્રિયાનો સમય [illegible] અને ધ્યાનનો કાર્યક્રમ યોજાય છે, જેથી આત્મિક અને દિવ્ય વાતાવરણની અનુભૂતિ થાય છે.
પૂ. ગુરુદેવ સાંજે ૭ વાગ્યે ક્રિયામાં પધારે છે. તે સાથે જ દર્શનાર્થી પણ આવે છે. કેટલાક [illegible] કરી વિદાય લે છે, તો કેટલાક આત્મિક અનુભૂતિનો આહ્લાદ માણવા બેસે છે.

સાંજે સાત વાગ્યે પૂ. ગુરુદેવ [illegible] શ્રી ઉપસ્થિત [illegible] જિજ્ઞાસુ [illegible] સમયમાં જપ કરે છે. [illegible] જપ ચાલતા હોય તે દરમ્યાન કોઈ પણ દર્શનાર્થી આવે તો તે ચૂપચાપ પૂ. શ્રીને દૂરથી જ વંદન કરી પાછળ બેસી જાય છે. [illegible] સામૂહિક સંકલ્પથી વાતાવરણમાં સાત્વિક આંદોલનો પ્રસરે છે.



ત્યારબાદ દસ મિનિટ દરેક વ્યક્તિએ આંખ બંધ રાખીને ભ્રૂકુટીની મધ્યમાં આંતરદષ્ટિને સ્થિર કરીને માનસિક જપ કરવામાં આવે છે.

ત્યારબાદ માતાજીની સ્તુતિ અને આરતી ગાવામાં આવે છે. આમ સાંજે સાતથી આઠ વાગ્યાનો સમય પૂજ્ય ગુરુદેવની હાજરીમાં મા ગાયત્રીનું અલૌકિક સાન્નિધ્ય માણવામાં વ્યતીત થાય છે. આ એક કલાક દરમિયાન નાનાં બાળકો જે શાંતિથી બેસી શકે તેમ ન હોય તેથી તેઓને બાકાત રાખવામાં આવે છે.

ઉપાસકોને વિવિધ સુવાસમય સ્વર્ગીય વાતાવરણનો અનુભવ થાય છે.

વળી પૂ. શ્રી પોતે પણ મન્ત્રોચ્ચાર કરતા હોવાથી ગાયત્રી મન્ત્રથી અજાણ કે ઉચ્ચારમાં મૂંઝવણ અનુભવતી વ્યક્તિને મન્ત્રોચ્ચારની સમજ પણ કેળવાય છે. પૂ. શ્રીના મુખે ગાયત્રી મન્ત્રનો ઉચ્ચાર સાંભળવાનો પણ એક લહાવો છે. તેમના સ્વમુખે થતો ઉચ્ચાર વાતાવરણ અને વ્યક્તિમાં અનોખો પ્રભાવ પાડે છે.

□

Scanned by CamScanner

# અલ્પના અને અશોકનો મેળ

અલ્પના તેના માતા-પિતાની એકની એક દીકરી હતી. પોતાની વહાલસોયી એકની એક દીકરી માટે માતા-પિતાએ ખૂબ જ ખંતથી મુરતિયાની શોધ કરી હતી. અશોક નામના આકર્ષક વ્યક્તિત્વ ધરાવતા યુવાન સાથે અલ્પનાનાં લગ્ન કર્યાં.

લગ્નના એક માસ બાદ અશોક અમેરિકા ચાલ્યો ગયો. ત્યાંની એક ફેક્ટરીમાં તે ઈજનેર હતો. કામની સૂઝ અને મહેનતુ સ્વભાવને કારણે અશોકની ત્યાં ઈજ્જત હતી. ઊંચો પગાર અને અનેક સુવિધાઓ વચ્ચે અશોક ત્યાં એકલો જ રહેતો હતો. લગ્ન બાદ અમેરિકા પહોંચીને તે તરત જ અલ્પનાને બોલાવવાનો હતો.

દિવસો, મહિનાઓ, વર્ષો વીતવા લાગ્યાં. અશોક તરફથી વહેતો પત્રપ્રવાહ પણ દિનપ્રતિદિન પાંખો પડતો જતો હતો. સગાંવહાલાં જાતજાતની આશંકાઓ કરતાં હતાં. વર્તમાનપત્રોમાં પ્રગટ થતી વિદેશ વસતા યુવાનોની છેતરપિંડીઓની હકીકતોનો તાપ કુશંકાઓના ઉભરાને ઓર ઊંચે ચડાવતો હતો.

અલ્પનાની અકળામણ અસહ્ય હતી. દીકરીના ભીતરને કોરી ખાતી વેદના માતા-પિતાથી સહન થતી નહોતી. તેઓ એમનાથી થાય એટલું કરી છૂટ્યા હતા. દેશમાં વસતાં અશોકના માતાપિતા આગળ વિનવણીઓ કરવામાં તેમણે માન-અપમાનને પણ ભુલાવી દીધાં હતાં. છતાં આજે નહિ તો આવતે મહિને, આવતે મહિને નહિ તો ચાર મહિના પછી એમ વાયદાની મર્યાદા વધતી જ જતી હતી.

---

"શાસ્ત્રીજીએ એને આવકારી ત્યારે એની મુખરેખામાં રમતી પ્રસન્નતામાં માની કૃપાનો સાક્ષાત્કાર કરી લીધો હતો."

---

ગમગીનીની ઘેરી છાયાં હેઠળ ગુજરતા આ દિવસોમાં એક દિવસ અલ્પનાની નજર શુક્રવારના 'સંદેશ' પર પડી. મનના વિષાદને હળવો કરવા, ભારેખમ બનેલા સમયની ક્ષણોને હળવી બનાવી પસાર કરવા તેણે 'સંદેશ' વાંચવાનો પ્રયત્ન કર્યો. 'સંદેશ'નાં પાનાંઓ પર નજર ફેરવતાં ફેરવતાં શુક્રવારના 'સંદેશ'માં પ્રગટ થતી શાસ્ત્રીજીની 'અગોચર મનની આલબેલી' કોલમ પર પડી. એમાં મા ગાયત્રીની કૃપાનો વર્ણવેલો મહિમા તેણે વાંચ્યો અને તેણે પણ ગાયત્રીની ઉપાસના માટે માર્ગદર્શન મેળવવા શાસ્ત્રીજીની મુલાકાત લેવાનું નક્કી કર્યું.

'સંદેશ'ના કાર્યાલયમાંથી શાસ્ત્રીજીનું સરનામું મેળવી અલ્પના તેમની પાસે જઈ પહોંચી. તેણે પોતાની સમગ્ર વિગત શાસ્ત્રીજીને જણાવી અને મા ગાયત્રીની ઉપાસના માટે માર્ગદર્શન માગ્યું.

શાસ્ત્રીજીએ કહ્યું :

"બહેન, માનું શરણું શોધનાર કદાપિ નિરાશ થતો નથી. મા જેમ કેવળ બાળકનું હિત જ જુએ છે એમ એ જગતજનની પણ પોતાનાં બાળકોના કલ્યાણની જ કામના સેવે છે. જરૂર છે કેવળ એનું સાચા અન્તઃકરણપૂર્વક સ્મરણ કરવાની, પૂરી નિષ્ઠાથી, સંપૂર્ણ શ્રદ્ધાથી એને શરણે જવાની. તમે માની સહાય માગી છે તો તમને એ જરૂર મળશે જ. કાલ સવારથી જ પ્રાતઃકાળે નિત્યકર્મથી પરવારી માના સ્મરણમાં લાગી જાઓ. રોજ ત્રણ માળા કરજો. ગાયત્રીનો મંત્ર આ કાર્ડ પર લખેલો છે."



Scanned by CamScanner

આટલું કહી શાસ્ત્રીજીએ અલ્પનાને ગાયત્રી મંત્ર છાપેલું એક કાર્ડ આપ્યું ને એક મહિના પછી ફરી મળવા જણાવ્યું.

અલ્પનાએ વિદાય લીધી ત્યારે કોણ જાણે કેમ અંતઃકરણથી તે કશીક શીતળતાનો અનુભવ કરી રહી હતી. રોજ ત્રણ માળા કરવાનો તેણે નિશ્ચય કરી લીધો. મહિના પછી શાસ્ત્રીજીને ફરી મળવું એમ પણ તેણે નક્કી કરી લીધું.

એક અઠવાડિયા પછી અલ્પના ફરી શાસ્ત્રીજી પાસે જઈ પહોંચી. શાસ્ત્રીજીએ એને આવકારી ત્યારે એની મુખરેખામાં રમતી પ્રસન્નતામાં માની કૃપાનો સાક્ષાત્કાર કરી લીધો હતો.

તેમણે પૂછ્યું: "કેમ, અશોકભાઈ આવે છે કે શું?"

"હા મને તેડવા આવે છે." એટલું બોલતાં અલ્પનાની આંખો છલકાઈ ગઈ. તેનો કંઠ રૂંધાઈ ગયો. શાસ્ત્રીજીએ પાણી મંગાવી અલ્પનાને સ્વસ્થ થવા જણાવ્યું.

સ્વસ્થ થઈ અલ્પનાએ જે વાત કરી તેનો સાર આ પ્રમાણે હતો:

અશોકનો પત્ર અલ્પનાને તેડાવવાના સમાચાર લઈને આવ્યો હતો. પાસપોર્ટ અને વીસાની તજવીજ એણે કરવા માંડી હતી. એ તમામ વિધિ પત્યે એ તરત જ એને લઈ જવા જાતે દોડી આવવાનો હતો.

માની કૃપાનો પ્રસાદ પામેલી અલ્પના આ શુભ સમાચાર આપવા શાસ્ત્રીજી પાસે તરત દોડી આવી હતી. માના સ્મરણમાં આંખ મીંચી લીન બનેલા શાસ્ત્રીજીએ આંખ ખોલી ત્યારે વિદાય લેવા ઊભી થયેલી અલ્પનાએ કહ્યું: અશોક આવશે એટલે અમે બન્ને પાછાં આવીશું.

'જરૂર આવજો, બહેન' કહી શાસ્ત્રીજીએ અલ્પનાને વિદાય આપી.

□

Scanned by CamScanner

# સાચો જ્ઞાની

## ડૉ. કાન્તિલાલ કાલાણી

અંધકારમાં દીવો પ્રકટે તો અછતો રહેતો નથી. તે ભલે તેની ચોતરફ રહેલા સકલ અંધકારને બાળી જઈ શકતો નથી, પણ તેનામાં જેટલું હૈવત હોય તેટલા અંધકારને તે દૂર કરે છે અને દૂર દૂરથી તે પ્રકાશ દેખાયા વિના રહેતો નથી. અંધકાર અને પ્રકાશમાં વ્યાપક અંધકાર છે, પણ અંધકારને કેન્દ્ર નહીં હોવાથી તેનામાં સત્તા નથી, જ્યારે પ્રકાશને કેન્દ્ર હોવાથી ગમે તેવા પ્રગાઢ અંધકારને તે હટાવી શકે છે. પ્રકાશ મર્યાદિત હોવા છતાં બળવાન છે એ વાસ્તવિકતા છે; તેમ જ્ઞાનને સૌથી પવિત્ર ગણવામાં આવ્યું છે.

જ્ઞાનને પ્રકાશરૂપ કહ્યું છે. આ જગતમાંથી સમગ્ર અંધકાર ઉલેચી શકાતો નથી, તેમ અજ્ઞાનને સંપૂર્ણપણે દૂર કરી શકાતું નથી. જ્ઞાન જેમ પરમાત્માની શક્તિ છે, તેમ અજ્ઞાન પણ તેમની વિલક્ષણ શક્તિ છે. આ જગતમાં કે વિશ્વમાં જેટલું પ્રકટ છે તેના કરતાંય મનુષ્યથી અપરિચિત એવું અનંતગણું છે. અનંત બ્રહ્માંડમાં પૃથ્વીનું સ્થાન એક ટપકા જેટલું પણ નથી, તો મનુષ્યની શી વિસાત, એવો પ્રશ્ન ઊઠે તે સ્વાભાવિક છે. પણ તેથી મનુષ્યે હતાશ થવાની જરૂર નથી. મનુષ્ય આ વિશ્વની અસામાન્ય ઘટના છે. તેનામાં જ્ઞાનની ક્ષમતા છે એટલી બીજા કશામાં નથી. મનુષ્ય એક અદ્ભુત સર્જન છે.

---

"જ્ઞાનીને ભાગ્યે જ કોઈ ઓળખી કે જાણી શકે છે. તે લોકો પર છાપ પાડવાનો કે પોતાના જ્ઞાનથી અન્યને પ્રભાવિત કરવાનો કદી પ્રયત્ન કરતો નથી. તેની વિશેષતા એ છે કે તે કોઈથી આકર્ષાતો નથી કે કોઈની અવગણના કરતો નથી. આ જગતમાં તેને જે પાઠ ભજવવાનો આવ્યો છે તે સંપૂર્ણ જાગૃતિથી ભજવે છે. તેને કોઈ કાર્ય હલકું કે નકામું લાગતું નથી."

---

આ વિશ્વમાં પરમાત્માની ચતુર્વિધ શક્તિઓ કાર્યરત છે. તેમાં જ્ઞાનશક્તિ, ઇચ્છાશક્તિ, ક્રિયાશક્તિ અને અજ્ઞાનશક્તિનો સમાવેશ થાય છે. જ્ઞાનશક્તિ પરમાત્માની સજાતિ છે, એટલે અન્ય શક્તિઓ કરતાં તેની વિશેષતા છે. પરમાત્માના ગુણધર્મ અનુક્રમે સ્મૃતિ અને સત્તા છે, તો જ્ઞાનશક્તિના ગુણધર્મ વ્યાપકતા અને નિર્મળતા છે. પરમાત્મા સર્વવ્યાપક સત્તારૂપે બધે જ રહેલા છે. આમ પરમાત્માની સર્વવ્યાપકતામાં અને જ્ઞાનશક્તિ કે આત્માની વ્યાપકતામાં સામ્ય છે. પરમાત્માનો ગુણ સ્મૃતિ અથવા જ્ઞાન છે. જ્ઞાનશક્તિની નિર્મળતા પરમાત્માના જ્ઞાનરૂપ ગુણ સાથે સંકળાયેલી છે. એ રીતે જ્ઞાનશક્તિને પરમાત્માની સજાતિ કહી શકાય. તેની સજાતિતાને લીધે તેનો અપરંપાર મહિમા થયેલો છે.

લોકો જ્ઞાનીથી જેટલા આકર્ષાય છે તેટલા ભાગ્યે જ અન્ય કશાથી આકર્ષાય છે. લોકો રાજા કરતાં પણ જ્ઞાનીનો કે વિદ્વાનનો વિશેષ મહિમા કરે છે:

વિદ્વત્વં ચ નૃપત્વં ચ નૈવ તુલ્યં કદાચન, સ્વદેશે પૂજ્યતે રાજા, વિદ્વાન્સર્વત્ર પૂજ્યતે.

વિદ્વાનપણું અને રાજાપણું એ કદી પણ સરખા નથી. રાજા તો પોતાના દેશમાં પૂજાય છે, જ્યારે વિદ્વાન સર્વત્ર પૂજાય છે. અહીં વિદ્વાન એટલે માત્ર શાસ્ત્રોનો અભ્યાસી નહિ; તે જ્ઞાની સાથે ગુણીજન

પણ હોવો જરૂરી છે. તેનામાં વિદ્વત્તા ઉપરાંત સત્ય, તપ, અહિંસા, નમ્રતા અને સુશીલતા હોવા જોઈએ.
અહીં જ્ઞાનીને માત્ર જાણકાર તરીકે નહિ, પણ ઓળખનાર અને અનુભવી ગણવાનો છે. તેની પાસે
માહિતી જ્ઞાન નહિ, પણ સાચું જ્ઞાન હોય છે. સાચું જ્ઞાન એટલે પોતાને પોતાની ઓળખાણ, પોતે
કોણ છે–આત્મા, જીવ કે શરીર તે જાણી લઈ તે પ્રમાણે વર્તનાર તેમ જ નિત્ય અને અનિત્યનો વિવેક
કરી નિત્યમાં સ્થિર રહેનાર અથવા પદાર્થ અને પરિસ્થિતિ માત્રનો આત્મદર્શન માટે ઉચિત ઉપયોગ
કરવાની આવડત ધરાવનાર જ્ઞાની છે.

મનુષ્યમાં સાચું જ્ઞાન પ્રકટે ત્યારે તેની જીવન જીવવાની પદ્ધતિ બદલાઈ જાય છે. સામાન્ય
જનસમૂહ તમામ દૃશ્ય વિભાગને સત્ય માનીને જ તમામ ક્રિયાઓ કરતો હોવાથી અને બધી ક્રિયાઓ
હું અને મારાપણાના ભાવ સાથે થતી હોવાથી, તે ક્રિયાઓ દ્વારા દ્વન્દ્વ નિર્માણ થાય છે અને આ દ્વન્દ્વો
કર્મ અનુસાર સુખ-દુઃખ પમાડે છે; જ્યારે સાચું જ્ઞાન મનુષ્યને દ્વન્દ્વોમાંથી મુક્ત કરે છે. એટલે કે તે
રાગ-દ્વેષ, હર્ષ–શોક, સુખ–દુઃખ, જય–પરાજય, લાભ–હાનિ, આશા–નિરાશા, રુચિ–અરુચિ, માન–અપમાન,
અનુકૂળતા–પ્રતિકૂળતા જેવાં દ્વન્દ્વોમાં સપડાતો નથી. આવાં દ્વન્દ્વોમાં ફસાવાથી તે શાંતિ, આનંદ, સંતોષ,
સ્થિરતા આદિ ગુમાવી બેસે છે.

---

"જ્ઞાન બહારથી આવતું નથી, અંદરથી ઊગે છે. એટલે અનુભવમાંથી આવેલું
જ્ઞાન મનુષ્યના જીવનને અજવાળી દે છે. તેને પરમ શાંતિ, આનંદ, સંતોષ અને
સ્થિરતાનો અનુભવ કરાવે છે, આવો નિત્ય અનુભવ થાય તો જ સમજવું કે જ્ઞાનનો
ખરેખર ઉદય થયો છે અને જેનામાં અંતરૂજ્ઞાન પ્રગટ થયું છે તે જ જ્ઞાની છે."

---

મનુષ્ય માત્રને આ બધું જોઈતું હોય છે એટલે તેમની પ્રાપ્તિ માટે તે સતત પ્રયત્નો કરતો રહે
છે અને તે માટે અનેક સાધનો અને સગવડો ઊભાં કરે છે. તેમ છતાં તે એમાંનું કાંઈ પ્રાપ્ત કરી
શકતો નથી, કારણ કે સાધનો અને સગવડોમાંથી તે ખોટી રીતે શાંતિ, આનંદ, સંતોષ, સ્થિરતા
ઈત્યાદિ શોધવાનો પ્રયત્ન કરે છે. પરંતુ સાધનોમાં આમાંનું કશું હોતું નથી. શાંતિ, આનંદ, સંતોષ,
સ્થિરતા ઈત્યાદિ સમજણના અંતર્ગત વિભાગો છે. સમજણમાં વિવેક, વિચાર, નિશ્ચય, પરિણામલક્ષી
દૃષ્ટિ, મૌન, ધીરજ, યુક્તિ અને તટસ્થતાની હાજરી હોય છે. સમજણની હાજરી હોય ત્યારે શાંતિ,
આનંદ, સંતોષ, સ્થિરતા શોધવાં પડતાં નથી કે મેળવવા પ્રયત્ન કરવો પડતો નથી, પણ આ બધું
આપમેળે પ્રાપ્ત થાય છે.

જેણે સમજણ સિદ્ધ કરી છે એવો જ્ઞાની જ્ઞાનના રૂપને યથાર્થપણે જાણતો હોવાથી પોતે જે
નામ–રૂપ ધારણ કર્યાં છે તેનો નાટકના પાત્રની જેમ યથાર્થ ઉપયોગ કરે છે. જ્ઞાનીજન કોઈથી અતડો
રહેતો નથી, તેમ કોઈમાં ભળી જતો નથી. સમય, સંયોગ, વાતાવરણ અને રીત–રિવાજોમાં એ પોતાની
રીતે એટલે કે જાતને લક્ષમાં રાખી તમામ ક્રિયાઓ કરે છે, પણ તે ક્રિયાઓ સમજણપૂર્વક થતી
હોવાથી ક્રિયાના આઘાત–પ્રત્યાઘાતો તેને સ્પર્શ કરતા નથી. તે દેહને માત્ર સાધન જ ગણે છે અને તે
સાધન પરમાત્માએ આપેલું હોવાથી, તે જે કાંઈ ક્રિયા કરે છે તે પરમાત્માર્થે જ કરે છે અને તેમાં
ક્યાંય વ્યક્તિભાવ લાવતો નથી.



Scanned by CamScanner

આઘાત-પ્રત્યાઘાત વ્યક્તિ સાથે સંબંધિત છે. જ્યાં વ્યાપકતા છે ત્યાં આઘાત-પ્રત્યાઘાત સંભવિત નથી. લોકદૃષ્ટિ આવા જ્ઞાનીને ભાગ્યે જ ઓળખી શકે છે, કારણ કે સાચો જ્ઞાની જગતમાં નાટક ભજવતો હોવાથી તેને ભાગ્યે જ કોઈ ઓળખી શકે છે. તેને ઓળખવા માટે જુદી આંખ જોઈએ. જ્ઞાનીના જીવનમાં આવેગને બદલે સતત સ્થિરતાનું દર્શન થાય છે. તે સર્વ સાથે સુમેળભર્યા સંબંધો રાખે છે, સમભાવયુક્તપણે વર્તે છે. તેનામાં રાગ કે દ્વેષ બેમાંથી એકેયની હાજરી ન હોવાથી તે રુચિ અને અરુચિથી પરપણે વર્તે છે. શરીર સહિત સમગ્ર દૃશ્ય વિભાગ પરમાત્માનું સર્જન છે તેની નિશ્ચયાત્મક સમજ તેની પાસે હોવાથી શરીરથી થતા કાર્યના અગર તો દૃશ્ય વિભાગમાં બનતી ઘટનાઓના અનુકૂળ-પ્રતિકૂળ એમ ગમે તેવાં પરિણામો આવે તો તે તેને અંગે ફિકર-ચિંતા કરતો નથી, પરિણામે તે જળકમળવત્ રહી શકે છે. આમ જળકમળવત્ રહે તે જ્ઞાની. જ્ઞાનીમાં અને વિદ્વાનમાં ફેર છે.

વિદ્વાનને ઓળખવો સહેલો છે. કારણ કે વિદ્વત્તા પ્રકટ કર્યા વિના તેને ચેન પડતું નથી. પોતે અન્ય કરતાં વિશેષ જાણે છે તેની બીજાઓને જાણ ન થાય ત્યાં સુધી તેને નિરાંત થતી નથી; જ્યારે જ્ઞાનીને ભાગ્યે જ કોઈ ઓળખી કે જાણી શકે છે. લોકો પર છાપ પાડવાનો કે પોતાના જ્ઞાનથી અન્યને પ્રભાવિત કરવાનો કદી પ્રયત્ન કરતો નથી. તેની વિશેષતા એ છે કે તે કોઈથી આકર્ષાતો નથી કે કોઈની અવગણના કરતો નથી. આ જગતમાં તેને જે પાઠ ભજવવાનો આવ્યો છે તે સંપૂર્ણ જાગૃતિથી ભજવે છે. તેને કોઈ કાર્ય હલકું કે નકામું લાગતું નથી. સંત તિરુવલ્લુવર અને કબીર વણકરનું કામ કરતા, જ્યારે રૈદાસ ચમારનો ધંધો કરતા. તેમના શિષ્યો અને ચાહકો ઇચ્છતા કે તેઓ તેમનું કામ છોડી દે. પણ સૌ સંતો-ભક્તોએ કામ પ્રત્યે ક્યારેય બેદરકારી બતાવી નથી કે તેની અવગણના કરી નથી. સજનો કસાઈ, ગોરો કુંભાર કે સેના વાળંદ તેમના કામમાં કેવા એકાગ્ર થઈ જતા તે સૌ જાણે છે. તેઓ જ્ઞાનીભક્ત હતા.

સજનો કસાઈ માંસ કાપતો, તેને ધોતો અને સાફ કરતો. પછી વેચવા માટે ગોઠવતો. પણ તેનામાં અને અન્ય કસાઈઓમાં ફેર હતો. તે તેનું આ કાર્ય ધર્મમય રીતે કરતો હતો. મા-બાપની સેવા કરતાં કરતાં તે તેના કાર્યમાં પ્રાણ રેડતો હતો. ગોરો કુંભાર માટી ગૂંદતાં ગૂંદતાં પરમાત્મા સાથે એકરસ થઈ જતો અને સ્વયં ભગવાન માટલાં ખરીદવા આવવાના છે એમ માની પ્રત્યેક માટલું કાચું છે કે પાકું તેની પૂરી ચકાસણી કરતો. તેની કાર્યનિષ્ઠા એટલી ઉત્તમ હતી કે તેને માટલાં પકવતાં પકવતાં પોતાનું જીવન પરિપક્વ કરવાનો વિચાર ઝબકી ગયો. ભક્ત તરીકે પોતાનામાં સહેજ પણ કચાશ ન રહી જાય તેની તેણે પૂરેપૂરી કાળજી લીધી, અને તે પરમાત્માનો પ્રિય બની ગયો.

કર્મ ખૂબ જ નિષ્ઠાપૂર્વક કરવામાં આવે છે ત્યારે તે પ્રકાશરૂપ કે જીવનનો પંથ ઉજાળનારું બની જાય છે. જ્ઞાની કે ભક્ત કર્મ અને અધ્યાત્મ વચ્ચે ભેદ નથી કરતો. તેમનું કર્મ જ જ્ઞાનમાં રૂપાંતરિત થઈ જતું હોય છે.

સેનો વાળંદ હતો. તેનું કામ તેની પાસે જે કોઈ આવે તેનું માથું સાફ કરવાનું હતું. કોઈના માથામાં ગમે તેટલો મેલ ભર્યો હોય તે અસ્ત્રો લઈ તેના મસ્તકનું મુંડન કરી દેતો. મુંડન કરતી વખતે તે એટલો એકાગ્ર થઈ જતો કે મુંડન કરાવનારના વાળ ઊતરી જતા છતાં તેને કોઈ પીડા ન થતી. પરમાત્માનું સ્મરણ કરતો કરતો તે હળવે હાથે અસ્ત્રો ફેરવતો, જેથી મુંડન કરાવનારને સહેજ પણ ઈજા ન થાય. ક્યારેક ક્યારેક તેને એવો ભાવ થતો કે ભગવાન તેની સમક્ષ બેસી મુંડન કરાવી રહ્યા



Scanned by CamScanner

છે. તે ભાવવિભોર બની જતો અને તેની આંખોમાંથી અશ્રુ સરી પડતાં. તેમાં એક દિવસ તેને વિચાર આવ્યો કે અન્યના માથાનો મેલ કાઢું છું ખરો, પણ મારા માથામાં જે મેલ ભર્યો છે તે મારે નહિ કાઢવાનો? બસ, પછી તે પોતાની અંદરના દોષોને કાઢવાના કામમાં લાગી ગયો. અમારા ગામમાં એક ખેડૂત ભક્ત હતા. શરૂઆતમાં ઘરની ખેતી નહિ. તે દહાડિયું કરે. ખાસ કરીને તેમને નીંદામણ કરવાનું હોય. તેમને થયું: ખેતરનું નીંદામણ કાઢું છું, પણ મારી અંદર જે વિકારો પડ્યા છે તેનું નીંદામણ હજી બાકી છે. તેઓ એક સાથે બંને કામ કરવા લાગ્યા. ખેતરનું નીંદામણ સરસ રીતે થયું, પણ સાથે સાથે વિકારો ક્ષીણ થઈ જતાં પોતે પણ ઈશ્વર સાથે એકાકાર થઈ ગયા. તેમના કર્મે તેમના જીવનમાં પ્રકાશ પાથરી દીધો!

જ્ઞાન, આમ બહારથી આવતું નથી; અંદરથી ઊગે છે. એટલે અનુભવમાંથી આવેલું જ્ઞાન મનુષ્યના જીવનને અજવાળી દે છે; તેને પરમ શાંતિ, આનંદ, સંતોષ અને સ્થિરતાનો નિત્ય અનુભવ કરાવે છે. આવો નિત્ય અનુભવ થાય તો જ સમજવું કે જ્ઞાનનો ખરેખર ઉદય થયો છે અને જેનામાં અંતર્ જ્ઞાન પ્રકટ થયું છે તે જ જ્ઞાની છે.

□

Scanned by CamScanner

# કાળના મુખમાંથી

સર્વવ્યાપક અને સર્વસત્તાધીશ પરમાત્માની શક્તિ મહાન છે. તે સૂક્ષ્માતિસૂક્ષ્મ છે અને અવકાશના–અસ્તિત્વના આંતરબાહ્ય અણુએ અણુમાં રહેલી છે તેથી જ મનુષ્યે તેની ક્ષણેક્ષણે યાચના કરતા રહેવું જરૂરી છે. એ શક્તિ સાથે નાતો કેળવવાથી–અનુસંધાન સાધી રહેવાથી ક્ષણેક્ષણે તેની સહોપસ્થિતિની અનુભૂતિ થાય છે ને જીવલેણ અકસ્માતમાંથી આબાદ બચાવ થાય છે.

જેને રામ રાખે તેને કોણ ચાખે? એ ઉક્તિ સુવિદિત છે.

પરમાત્માની શક્તિ સર્વવ્યાપક હોવાથી જ તેની શરણાગતિ સ્વીકારનું, તેની યાચના કરનારનું રક્ષણ કરે છે ને તેને બચાવે છે, જીવતદાન આપે છે. પરમાત્માની શક્તિ મારે પણ છે ને જીવાડે પણ છે, બચાવે છે ને રક્ષણ કરે છે, હરાવે છે અને જીતાડે પણ છે. ને તેથી જ અનંતકાળથી તેની શરણાગતિનો મહિમા ગવાતો આવ્યો છે, પછી તે ગમે તે સ્વરૂપે હોય.

મુંબઈના એક ભાઈ લખી જણાવે છે :

પૂ. ગુરુદેવના આશીર્વાદ અને વેદમાતા ગાયત્રી માની કૃપાથી અમે ઘણી મોટી આફતમાંથી બચી ગયાં છીએ. હું દુઃખનો ભાર લઈને આવેલો પણ તે ગુરુદેવે હળવો કરી નાખેલો. મને નવું જીવન આપ્યું.

અમે કાળના મુખમાંથી બહાર આવ્યા છીએ. માતાજીએ બહાર કાઢ્યા છે. હું તો પાપી છું. મારા ઘણા ગુના થયા હશે, છતાં મા ગાયત્રીએ મને બચાવ્યો.

---

"જમીનમાંથી જવાળામુખી ફાટે તેમ મારામાં શક્તિ આવી ને હું મોટી મોટી ડાળીઓને હટાવીને બહાર નીકળ્યો."

---

શનિવાર તા. ૮–૬–'૯૧ ના રોજ બપોરે ૧૨–૩૦ વાગ્યે અમે બોમ્બે સેન્ટ્રલ ગયા હતા. મારા કાકાના દીકરાને દેશમાં જવું હતું. તે દિવસે મૂશળધાર વરસાદને કારણે આખા મુંબઈમાં ઘૂંટણ સુધી પાણી ભરાઈ ગયાં હતાં. અમે ત્રણ ભાઈઓ અને દેશના બીજા બે મહેમાનો અમારી સાથે આવ્યા. અમે બધા સીધા બોમ્બે સેન્ટ્રલ એસ. ટી. ડેપોમાં ગયા. ત્યાં મહુવા–મુંબઈ બસમાં મારા જે ભાઈ દેશમાંથી આવ્યા હતા તેને બેસાડયા. ત્રણ વાગ્યે બસ રવાના થઈ. વરસાદ જોરદાર આવવા લાગ્યો. હું, મારા બે ભાઈ અને બે મહેમાનો. અમે ભીંજાતા ભીંજાતા બહાર આવ્યા. અમે ત્રણ ભાઈમાંથી વચલો ભાઈ કહે, તમે ચાર જણા ઘેર જાવ. હું અહીંથી બહાર જાઉં છું! એમ કહી તે ભાઈ ચાલ્યા ગયા. અમે એસ. ટી. ડેપોમાંથી બહાર નીકળી રોડની વચ્ચેડીવાઈડરની વચ્ચોવચ્ચ ઊભા રહ્યા. મોટાભાઈને માતાજીનો સંકેત થયો. તમે તાડદેવ મહાલક્ષ્મીમાં બહેન રહે છે ત્યાં જાવ. ભાઈ કહેવા લાગ્યા કે ચાલો, આપણે બહેનને ઘેર જઈએ. અમે કહ્યું નથી જવું. તો કહે ત્યાંથી નાયર હોસ્પીટલની બસમાં બેસી જઈશું. વરસાદ જોરથી વરસી રહ્યો હતો. કમ્મર સુધી પાણી આવી ગયું. મેં મોટાભાઈને કહ્યું : ભાઈ, આપણે ડાબી બાજુ જતા રહીએ. મોટાભાઈને ફરીથી માતાજીએ ચેતવણી આપી કે તમે



Scanned by CamScanner

જ્યાં ચાલો છો ત્યાં જ ચાલો. ડીવાઈડર ઉપર અમે ચારે જણા ચાલવા લાગ્યા. મરાઠા મંદિર અને ઓમ્બે સેન્ટ્રલની વચ્ચોવચ્ચ આવી ગયા. એવામાં જોરદાર પવન ફૂંકાયો. અમે રસ્તા વચ્ચે ચાલતા હતા. દેશના પેલા મહેમાનો આગળ હતા. મોટાભાઈ તેમની પાછળ ને છેલ્લે હું. મોટાભાઈ માતાજીનું રટણ કરતા હતા. ઓચિંતો મોટો અવાજ આવ્યો. કડાકો થયો. આખું મુંબઈ ગાજી ઊઠ્યું. અમારા ચારે જણા પર આફત આવી. ડાબી બાજુથી વિશાળ ઝાડ અમારા ઉપર ધબાક કરતું આવ્યું. બે મહેમાનોને આગળ ફેંકી દીધા. હું ને મોટાભાઈ ઝાડ નીચે દટાઈ ગયા. (રેસકોર્સ પાસે તેવાં ઝાડ ઘણાં છે. ફૂટપાથ ઉપર) આખા બોમ્બે સેન્ટ્રલમાં હાહાકાર મચી ગયો: ઝાડ પડ્યું, બે જણા દટાઈને મરણ પામ્યા! મને મૂર્છા આવી ગઈ. માથામાં હાથીના પગ જેવી ડાળીઓ વાગી. મારા મોટાભાઈ પણ ફસાયા. ઝાડથી બન્ને રસ્તા રોકાયા. હજારો માણસો ઉમટી પડ્યાં પણ મા ગાયત્રી મારા મોટાભાઈના જીભે વસી ગયાં. મારા મોટાભાઈ જોરજોરથી બૂમો પાડવા લાગ્યા. દેશના પેલા મહેમાનોને ઘણું વાગ્યું હતું, પણ બચી ગયા. તેઓ બહાર હતા. તેમણે દોટ મૂકી. ઝાડની વિશાળ ડાળીઓ નીચે મારા મોટાભાઈ. પેલા મહેમાનોને મા ગાયત્રીએ એવી શક્તિ આપી કે તેઓના શરીરમાં ફટાફટ જોમ આવી ગયું. તેઓએ ડાળી હટાવીને ભાઈને બહાર કાઢ્યા. પણ મારો ભાઈ રડવા લાગ્યો. હે મા, મારો ભાઈ અંદર છે. મારા ભાઈ બૂમો પાડવા લાગ્યા અને કહેવા લાગ્યા: અરે મારો ભાઈ ક્યાં છે? મારો ભાઈ અંદર છે. તેને બહાર કાઢો. હજારો માણસો ઊભા હતા. પણ કોઈ આગળ ન આવે કારણ કે ત્યાં વીજળીનો તાર તૂટીને ઝાડ પર પડ્યો હતો. આથી કરંટ લાગવાની બીકે કોઈ આગળ ન આવે.

હું અંદર બેભાન હતો. માથામાં માર વાગવાથી મૂર્છા આવી ગઈ હતી. અંદર ફક્ત મારો શ્વાસોચ્છવાસ જ ચાલતો હતો, ત્યાં ઓચિંતો અવાજ આવ્યો; ઊભો થા. મને થોડી હોંશ આવી. સહેજ આંખ ઉઘાડી પાંદડાં, ડાળીઓ અને પાણી સિવાય કંઈ જ દેખાય નહિ. પાછી મૂર્છા આવી ગઈ. ત્યાં મારો ભાઈ રડવા લાગ્યો. જોરજોરથી બૂમ પાડવા લાગ્યો. મારામાં મા ગાયત્રી વેદજનનીની સાક્ષાત્ શક્તિ આવી. મને થયું, અરે, મારો મોટો ભાઈ ફસાઈ ગયો છે. હું ફટાફ કરતો ઊભો થઈ ગયો. જમીનમાંથી જ્વાળામુખી ફાટે તેમ મારામાં શક્તિ આવી ને હું મોટી મોટી ડાળીઓને હટાવીને બહાર નીકળ્યો. હું જોઉં છું તો મારો ભાઈ રડતો હતો. મેં જોરથી રાડ પાડી. ભાઈ, હું જીવું છું. જુઓ, મને કંઈ નથી થયું. માણસો અમારી પાસે દોડી આવ્યા. હું મારા ભાઈને ભેટી પડ્યો. અમે બન્ને ભાઈ એક બીજાને જીવતા જોઈ મા ગાયત્રીને વન્દના કરવા લાગ્યા.

મારા માથામાં દુખાવો ખૂબ જ વધી ગયો. લોહી ન નીકળ્યું કે હાથ-પગ પણ ભાંગ્યા નહોતા. ફક્ત માથામાં દુખાવો થતો હતો. બધા માણસો અમને અભિનંદન આપવા લાગ્યા. નવું જીવન મુબારક. નવું જીવન અભિનન્દન. અમે આકાશમાં તાકી રહ્યા કે હે મા! અમે તો પાપી-ગુનેગાર છીએ પણ તેં અમને ઉગારી લીધા.

અમે ઘેર આવ્યા. બધી હકીકત જણાવી. સૌ ગંભીર બની ગયા. માનો ઉપકાર માન્યો.

□



Scanned by CamScanner

# સાચી શ્રદ્ધા

પોતાની લાચાર-નિઃસહાય અવસ્થામાં વ્યક્તિ શાસ્ત્રીજીને-માતાજીને અંતરના ઊંડાણથી યાદ કરે છે ત્યારે તેમની આધ્યાત્મિક-આત્મિક શક્તિનાં સ્પંદનો સ્થળ કાળનાં અનેક બન્ધનો તોડીને પળવારમાં હજારો કીલોમીટરના અંતરને પાર કરીને પહોંચી જાય છે ને જે તે વ્યક્તિને સ્વપ્નમાં કે સૂક્ષ્મરૂપે સહાય કરે છે.

કેટલીક વાર વ્યક્તિને માંદગીની ક્ષણોમાં પૂ. શ્રીનાં દર્શન થાય છે. પૂ. શ્રી સ્વપ્નમાં તેને હાથ ફેરવે છે કે આશીર્વાદ આપે છે કે પૃચ્છા કરે છે ને તે સ્વસ્થતા અનુભવે છે. આવી સ્વપ્નની અનુભૂતિ હોવા છતાં આંખ ઉઘડયા પછી પૂ. શ્રીને રૂબરૂ મળ્યા હોઈએ તેમ લાગે છે. એ સ્વપ્નની અનુભૂતિ હોવા છતાં સૂક્ષ્મ ઉપસ્થિતિની પણ અનુભૂતિ કરાવે છે. ત્યારે ઘણી વાર મનને થાય છે કે આ સ્વપ્ન હતું કે સૂક્ષ્મ ઉપસ્થિતિ હતી કે વાસ્તવિકતા હતી કે પોતાની અસલિયતને છુપાવવા વ્યક્તિને ગાઢ નિદ્રામાં ડુબાડી સૂક્ષ્મરૂપે ઉપસ્થિત રહી વ્યક્તિનાં દુઃખ દર્દો કે આપત્તિઓનું નિવારણ કરે છે કે કેમ? મનુષ્ય બુદ્ધિ એ આધ્યાત્મિક સત્યને પામવા કદાચ ઊણી ઊતરે અથવા તેનો તાગ મેળવવા સન્તો જેવી દિવ્ય દૃષ્ટિ કેળવવી પડે.

સન્તોની લીલા અકળ હોય છે.

અત્રે આવો જ એક પ્રસંગ પ્રસ્તુત કર્યો છે.

લન્ડનથી સવિતાબહેન લક્ષ્મણભાઈ ગીલા જણાવે છે:

મારા પતિ ઘણા લાંબા સમયથી ડાયાબીટીસ તથા હૃદયની બીમારીથી પીડાતા હતા. ૧૯૮૮માં દવાખાને જતાં રસ્તામાં એક બહેનની દુકાને ગયા. તેઓ આફ્રિકાના હતા. તેમને બધી વાત કરી. તે બહેને અમારી દુઃખથી કહાની સાંભળીને અમને પૂ. ગુરુદેવને મળવા જણાવ્યું. તથા 'આધ્યાત્મિક ડેરી'નો એક અંક આપ્યો. તે વર્ષે અમે ખૂબ જ કોશિષ કરી પણ ગુરુદેવને મળી શક્યા નહિ. અને ૧૯૮૯ની વાટ જોઈ.

પૂ. ગુરુદેવ લન્ડન આવ્યા ત્યારે તેમને બધી વાત કહી. ગુરુદેવે દરરોજ એક માળા કરવા જણાવ્યું. જીવનજળ આપ્યું અને લસણની કળી રોજ બાફીને ખાવા જણાવ્યું.

તા. ૧૩-૭-'૯૧ના રોજ સાંજે ૫-૩૦ વાગ્યે મારા પતિના ડાબા પગમાં સખત બળતરા ચાલુ થઈ. કેડમાં સખત દુખવા લાગ્યું. ડાયાબીટીસ એટલે નબળા શરીરના ગમે તે ભાગમાં હુમલો થાય. એમ ડૉકટરોએ જણાવ્યું હતું. લગભગ ત્રણથી ચાર વખત હોસ્પીટલમાં દાખલ કરેલા. ડૉકટરના કહેવા પ્રમાણે જે ક્રીમ તથા પેઈન કીલર આપી હતી તે પણ મારા પતિને આપી, પણ કોઈ જ ફેર પડયો નહિ. બીજા દિવસે પરિસ્થિતિ વધારે બગડતી ગઈ. હું મુંઝાવા લાગી. વળી પાછા હોસ્પીટલ દાખલ કરવા પડશે તો હું શું કરીશ. જો અપંગ થઈ જશે તો! મને કોઈ હિંમત ન રહી.

ફરી એમ્બ્યુલન્સ બોલાવી, મારા પતિએ કહ્યું કે દવાખાને નથી જવું. પણ મા બાપજીના મંત્ર ચાલુ રાખો. અને પૂ. ગુરુદેવનું સ્મરણ ચાલુ રાખો. બોલી આંખો બંધ કરી. જીવનજળ તથા મંત્રજપ ચાલુ રાખ્યા. પૂ. ગુરુદેવને યાદ કરવા લાગી.



Scanned by CamScanner

હવે મારા જ શબ્દોમાં, હું જેમ બોલતી હતી તે જ લખ્યા છે. હું પૂ. માતાજી તથા પૂ. ગુરુદેવની છબી પાસે રડતાં રડતાં બોલી : ગુરુજી તમે ક્યાં છો? તમે જ્યાં હો ત્યાંથી મારી ધા સાંભળો. હું ત્યાં સુધી બોલી, ગુરુજી, દુનિયામાં ઘણા પૂજા કરે છે તે બધાય એક જ નામથી બોલે છે. ગુરુજી છે. મા તો ગુરુજી છે. પણ હું તમોને બે નામથી આજે પોકારી પોકારીને બોલું છું કે હે પૂ. ગુરુદેવ, હે પૂ. માતાજી, મારી ધા સાંભળો. અને મારા પતિને સારું કરી દો. એને હાલતો ચાલતો કરી આપો.

અમારા મંદિરમાં અમોએ પૂ. ગાયત્રી માતા તથા ગુરુદેવના ફોટા રાખેલા છે.

હું રડતાં રડતાં આઠ વખત પગે લાગી. મારા દિલમાં એકદમ આશા બંધાઈ કે જરા પણ ગભરાતી નહિ. તને કંઈ પણ થાય નહિ. પણ તે વાત માન્યામાં આવે તેમ નહોતી, કારણ કે મારા પતિને બે વાર હૃદયરોગના હળવા હુમલા થયા હતા. તેમ છતાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખી પ્રાર્થના ચાલુ રાખી. મા ગાયત્રી મા, મારા પતિને સારું કરી આપશો. સાથે પ્રાર્થના કરતી રહી કે મા, મને નિંદર આવે તેવી શક્તિ આપજો. આમ પ્રાર્થના કરતી કરતી ઊંઘી ગઈ.

---

"ગુરુજી તમે ક્યાં છો! તમે જ્યાં હો ત્યાંથી મારી ધા સાંભળો."

* * *

"મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ. મારા પતિ જે બે દિવસ પહેલાં હાલતા-ચાલતા ન હતા તે મને એમ કહે કે ચાલો, ચા બનાવો હું આવું છું."

---

રાત્રે મને સ્વપ્નામાં ગુરુદેવના દર્શન થયાં. ઘણા બધા ભક્તો બેઠા હતા. હું ગુરુજીને પગે લાગી એમ બોલી કે ગુરુજી, હું તમોને પગે લાગવા આવી છું, પણ મારા પતિ આવી શકે તેમ નથી. ગુરુદેવ બોલ્યા : બહેન તમે છૂટી જાવ. આસપાસના વાતાવરણમાં ઠંડી હવા ફેલાઈ ગઈ છે. ગુરુજીએ સિલ્કનાં કપડાં પહેર્યાં છે. પહેલાં ગુરુજીએ મારા પતિના વાંસામાં હાથ ફેરવ્યો અને ઉપસેલી ફોડકી હતી તે અદૃશ્ય થઈ ગઈ. પછી જરાક બે હાથની હથેળીઓથી કમ્મર ઉપર દબાવે છે તો સોઈ જેવી ઝીણી પાણીની પિચકારી નીકળે છે. બધા ભક્તો ઊભા થઈને જોવા લાગ્યા તો ગુરુદેવ બધાને બેસાડી દે છે. મારા પતિ ધોળા રંગના ટેબલ પર સૂતેલા. તેઓ ઊભા થઈને ગુરુદેવને પગે લાગે છે, એટલામાં મારી નિંદર ઊડે છે, પણ આંખો બંધ છે. ધીરતે ધીરતે આંખ ખોલું છું તો એવું લાગે છે કે જાણે અગરબત્તીની સુગંધ ક્યાંકથી આવે છે. પછી આંખો ચોળીને જોઉં છું તો રાત્રીના ૨-૪૦ મિ. થઈ છે. હું ઊઠીને મા ગાયત્રી અને પૂ. ગુરુદેવનાં દર્શન કરી પાછી સૂઈ ગઈ.

અમારા ઘરમાં અમો જમતાં ઊઠતાં બેસતાં સૂતાં હમેશાં જય શ્રી ગાયત્રી મા એમ બોલીએ છીએ. સવારે ૭ વાગ્યે મારા પતિ ઊઠ્યા ત્યારે મને જય શ્રી ગાયત્રી મા તથા જય શ્રી ગુરુદેવ કહ્યું. મને કહેવા લાગ્યા, ચાલો, ચા બનાવો. હું આવું છું. મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ. મારા પતિ જે બે દિવસ પહેલાં હાલતા-ચાલતા ન હતા તેમને એમ કહે કે ચાલો, ચા બનાવો હું આવું છું.

જ્યાં સાચી શ્રદ્ધા અને વિશ્વાસ છે તેને મા ગાયત્રી મા અને પૂ. ગુરુદેવ સારું કરી આપે છે. તેમાં મીનમેખ નથી.

□

ક્યારેક ક્યારેક પૂ. શ્રી શાસ્ત્રીજીના મુખમાંથી શબ્દો એવી તો એટલી આકસ્મિકતાથી અને સરળતાથી સરી પડે છે કે પછી વાત સાંભળનારને એક પળભર જેવા જ લાગે. ( વિનોદી પૂ. શ્રી શાસ્ત્રીજી સ્વભાવે ખૂબ હસમુખા અને રમૂજી છે. ક્યારેક ક્યારેક રમૂજી ટકોર કરી ખૂબ હસાવે છે અને પોતે પણ હસી લે છે. તેમના હાસ્યમાંથી તેમના તેજસ્વી વ્યક્તિત્વની ચેત આભા આવ્યા વિના રહેતી નથી. ) પરન્તુ તેમના એ શબ્દો પાછળ રહેલો ગર્ભિત અર્થ પામવામાં અઘરો છે. તે આગળે જ પામી શકાય છે. પૂ. શ્રીના શબ્દોચ્ચારણનો ગર્ભિત-માર્મિક અર્થ પામીએ ત્યારે જ તેમનું સાન્નિધ્ય પામ્યાની સાર્થકતા અનુભવાય.

પૂ. શ્રીના શબ્દો ખૂબ દૂરના ભાવિનું સ્પષ્ટ દર્શન કરાવે છે અને આગન્તુકની-મુલાકાતીની મૂંઝવણોને ટાળી દે છે.

પૂ. શ્રી નોકરી કરતા હતા તે વેળાના તેમના એક સહકાર્યકર્તા અને માતાજીના ભક્ત બનેલા વડોદરાના શ્રી રસિકભાઈ સોની જણાવે છે :

પૂ. ગુરુદેવના શબ્દો કેટલા હૃદયસ્પર્શી હોય છે!

મારાં વયોવૃદ્ધ પૂ. માતુશ્રી ગઈ તા. ૨૫-૨-'૯૧ ને સોમવારના રોજ ગંભીર માંદગીમાં પટકાયાં હતાં. મારે મારા નવા મકાનમાં તા. ૨-૩-'૯૧ ના રોજ ગૃહપ્રવેશ કરવાનો હતો. તેથી હું મારી ઓફિસ છૂટતાં તા. ૨૫-૨-'૯૧ ના રોજ બ્રાહ્મણને ત્યાં વાસ્તુ, કથા તથા હોમની વિધિ અંગેનું નક્કી કરવા ગયો હતો, જેમાં એકાદ કલાકનો સમય વીતી ગયો. તેથી હું ઘેર મોડો પહોંચ્યો. હું અચંબામાં જ પડી ગયો. કારણ કે મારાં બાની તબિયત ખૂબ જ ગંભીર થઈ ગઈ હતી. ડૉક્ટર ઘેર આવીને ગયા હતા. અડોશ-પડોશનાં લોકો તથા બાઈઓ તથા ઘરનાં સર્વે એકત્રિત થઈ ગયાં હતાં.

---

“તારા પુત્રને ત્યાં પુત્ર થશે ત્યાં સુધી તારાં માતુશ્રીને કંઈ જ નહિ થાય તેવા મારા આશીર્વાદ છે.”

---

આટલું હોવા છતાં પણ મને દૃઢ વિશ્વાસ હતો કે મારી બાને કંઈ જ નહિ થાય. મેં પરિસ્થિતિ જોઈ, પૂ. ગુરુદેવને મનોમન યાદ કર્યા. રાત્રે એક વાગ્યા સુધી બધાં બેઠાં. તા. ૨૮-૨-'૯૧ સુધી મારાં બા પથારીવશ રહ્યાં. તેમને ખૂબ જ અશક્તિ હતી. પથારીમાંથી ઉઠાય જ નહિ.

તા. ૨૮-૨-'૯૧ના રોજ મેં પૂ. ગુરુદેવને ફોન કરી તમામ હકીકતથી ટૂંકમાં વાકેફ કર્યા. તેમણે મને જણાવ્યું કે,

“માતાજી સારું કરશે.”

મેં કહ્યું કે, મારે ત્યાં તા. ૨-૩-'૯૧ના રોજ વાસ્તુ છે તથા મારી બા સારી રીતે હરીફરી શકે તથા વાસ્તામાં હાજરી આપે તેવી કૃપા કરો ત્યારે પૂ. શ્રીએ જણાવ્યું કે,

“તું મારા ઉપર છોડી દે.”

મેં કહ્યું, “ભલે.”



Scanned by CamScanner

તા. ૨-૩-'૯૧ની વહેલી સવારે આશરે ચારેક વાગ્યે ચમત્કાર થયો. મારાં બા પાંચ દિવસ પછી પથારીમાંથી બેઠાં થયાં. મને કહે, 'રસિક, મને અત્યારે સારું છે. હું સ્નાનાદિ ક્રિયા પતાવી લઉં.' મેં કહ્યું કે જો સારું હોય તો પતાવી લો. સ્નાનાદિ ક્રિયા પતાવી બા તૈયાર થયાં ત્યારે તેમના મુખ પર અનેરું તેજ હતું તથા ખૂબ જ સ્વસ્થ હતાં. જાણે તેમને કંઈ જ થયું ન હોય, તેવાં લાગતાં હતાં. એટલું જ નહિ, પરન્તુ કોઈનો પણ ટેકો લીધા વિના એ દાદર નીચે ઊતર્યાં.

મારા નવા મકાને અમે ગયા. સમગ્ર દિવસ તેમની દેખરેખ હેઠળ કામ ચાલ્યું. એટલું જ નહિ, પરન્તુ તેમણે જાતે પણ કેટલુંક કામ કર્યું.

તા. ૭-૩-૯૧ ના રોજ પૂ. શ્રી જાતે વડોદરા યજ્ઞમાં પધાર્યાં હતા. તેઓ મારા નવા મકાને પધાર્યાં. તે સમયે મેં તેઓને વિનંતી કરી કે, મારી બાને, મારા પુત્રનાં લગ્ન ન થાય ત્યાં સુધી કંઈ જ ન થાય, તેવા આજે આશીર્વાદ આપો. પૂ. ગુરુદેવે મારાથી પણ આગળ વધીને મારાં માતુશ્રીને એવા આશીર્વાદ આપ્યા કે

"તારા પુત્રને ત્યાં પુત્ર થશે ત્યાં સુધી તારાં માતુશ્રીને કંઈ જ નહિ થાય તેવા મારા આશીર્વાદ છે."

અમે બધા હર્ષાન્વિત થયાં. આજે મારાં બા સ્વસ્થ છે. પૂ. શ્રીની કૃપાદૃષ્ટિ અમારા કુટુમ્બ પર અનહદ છે. જન્મોજન્મ તેમનો ઉપકાર ભૂલી શકાય તેમ નથી. તેમની કૃપાથી ઘરનું વાસ્તુ સુધર્યું તથા મારાં બાને નવજીવન મળ્યું.

તેમની આવી કૃપા અમારા કુટુમ્બ પર જન્મોજન્મ રહે એ જ અભ્યર્થના.

આ સાથે જ બીજો એક પ્રસંગ યાદ આવે છે.

આજથી દસેક વર્ષો પહેલાં મારા નાના ભાઈના આશરે પાંચેક વર્ષના એકના એકના પુત્રને અચાનક ગંભીર પ્રકારની તાણ આવવી શરૂ થઈ. જે તાણ દિનપ્રતિદિન વધવા લાગી. અમારું કુટુંબ મુશ્કેલીમાં મુકાઈ ગયું. છોકરાની મધર ખૂબ જ ગભરાઈ ગયાં. કારણ કે તેમના ભાઈનો પુત્ર આ જ અરસામાં તાણમાં ને તાણમાં ખૂબ જ દવાઓ કરવા છતાં પણ દેવલોક પામ્યો હતો. તેથી ભાઈને તથા તેમની પત્નીને તેમના એકના એક પુત્રની ખૂબ જ ચિંતા થતી હતી.

સમગ્ર હકીકત જાણી મેં મનોમન પૂ. ગુરુદેવને યાદ કર્યા. ભાઈને તથા તેમની પત્નીને મેં એમ જણાવ્યું કે હું બાબાને અમદાવાદ ખૂબ મોટા ડૉકટર પાસે બતાવવા માટે લઈ જાઉં છું. તેથી તેઓ પ્રસન્ન થઈ ગયાં. હું તરત જ મારાં મધરને તેમ જ બાબાને લઈને અમદાવાદ ગયો (નહિ કે ડૉકટર પાસે). પૂ. ગુરુદેવ પાસે પહોંચતાં હું તેમનાં ચરણોમાં ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડયો. પૂ. શ્રીએ આશ્વાસન આપી રડવાનું કારણ પૂછ્યું. મેં તેમને ટૂંકમાં હકીકત જણાવી, પૂ. શ્રીએ તરત જ મારા નાના ભત્રીજાને હાથ પસવાર્યો અને હસતાં હસતાં પૂ. શ્રીએ મને મીઠા ઠપકાના રૂપમાં જણાવ્યું કે "તું ખોટો ગભરાય છે. આ બાબાને તો કંઈ જ નથી."

સાથે અભિમંત્રિત જીવનજળ આપ્યું. વર્ષોનાં વહાણાં વાયાં હોવા છતાં આજદિનપર્યન્ત મારા ભત્રીજાને એક દિવસ પણ તાણ આવી નથી.

વગર પૈસે, હઠીલું દર્દ પૂ. શ્રીની કૃપાથી તથા આશીર્વાદથી હંમેશને માટે ગાયબ થઈ ગયું.

આવા ગુરુદેવ માટે આ પ્રસંગે આ લખાણ લખતાં હર્ષાશ્રુ ન આવે તો બીજું શું થાય!

□



Scanned by CamScanner

# રાજધાની એક્સપ્રેસ ગોધરા થોભે છે

પૂ. શાસ્ત્રીજીના સમ્પર્કમાં આવેલી વ્યક્તિ જ્યારે કોઈ પણ નાનું-મોટું કાર્ય કરે છે કે નાના-મોટા પ્રવાસમાં જાય છે ત્યારે તેમના આશીર્વાદ લઈ ને જાય છે. પોતાના કોઈ કાર્ય દરમ્યાન કે પ્રવાસમાં કોઈ મુશ્કેલી આવે ત્યારે તેમને અન્તરના ઊંડાણથી યાદ કરે છે અને એક નાના બાળકની જેમ વિનવે છે. આર્તનાદથી પ્રાર્થના કરે છે અને સહાયની યાચના કરે છે. એ વ્યક્તિની પ્રાર્થનાનો કેવો પ્રતિઘોષ પડે છે તે રજૂ કરતો કંઈક રમૂજ પમાડે એવો છતાં પ્રાર્થનાના માહાત્મ્યને વ્યક્ત કરતો એક પ્રસંગ અત્રે રજૂ કર્યો છે.

ડીસાના એક ભાઈ લખી જણાવે છે:

હું મારા મિત્રો સાથે એક અગત્યના કામ માટે વડોદરા ગયો હતો. મારા મિત્રોએ રાત્રે નવ વાગ્યાની ટ્રેનમાં અમદાવાદ પાછા ફરવા સૂચવ્યું. અમે અમારું કામ પતાવી રેલવે સ્ટેશને પહોંચ્યા ત્યારે નવ વાગી ચૂક્યા હતા. પાંચ જ મિનિટમાં અમે ટ્રેનમાં પ્રવેશ કરી લીધો. ગાડીનું મુખ અમદાવાદ તરફ જ હતું.

બરાબર નવ ને પાંચ મિનિટે ટ્રેન ઊપડી. થોડી જ વારમાં મને પાન ખાવાની ઇચ્છા થઈ. આથી મેં વિચાર્યું કે આણંદ રેલવે સ્ટેશને ગાડી ઊભી રહેશે એટલે ખાઈશું. આથી મેં વેઈટરને પૂછ્યું: ‘આણંદ ટ્રેન ઊભી રહેશે ને?’

---

**“ક્ષણનો ય વિલંબ કર્યા વિના અમે સૌ ટ્રેનમાંથી કૂદી પડ્યા – જય ગુરુદેવ કહીને.”**

* * *

**“અહીં તો આ ટ્રેન પાણીના રેલાની જેમ ચાલી જાય છે, પણ કેમ ઊભી રહી તે ખબર ન પડી.”**

---

વેઈટરે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું:

“યે રાજધાની એક્સપ્રેસ હૈ! રતલામ ખડા રહેગા.”

મને વધારે આશ્ચર્ય થયું.

હું ખરેખર તો ગાડીમાં પ્રવાસ કરતો નથી. પણ મારા અન્ય મિત્રોના આગ્રહને વશ થઈ ગાડીમાં બેઠો હતો. તેઓ આ વાત સાંભળી બેઠા પડ્યા.

મેં વધુ પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે આ રાજધાની સુપર ફાસ્ટ ટ્રેન છે. મુંબઈથી દિલ્હી જતાં ફક્ત વલસાડ, વડોદરા, રતલામ અને દિલ્હી જ ઊભો રહે છે. અને આ ટ્રેનનું ભાડું વિમાનની ટિકિટ જેટલું છે.

આ સમય દરમ્યાન ટ્રેન સત્તાવાળાઓને કોઈએ કહ્યું કે ત્રણ માણસો વડોદરાથી ચઢ્યા છે. તેઓની ટિકિટની ખાતરી કરી કાયદેસર કાર્યવાહી કરો, જેથી અમારી તપાસમાં ત્રણ પોલીસવાળાઓ આવ્યા. માત્ર થોડી પૂછપરછ કરી પણ બહુ પૂછ્યું નહિ. પરંતુ એટલું જરૂર કહ્યું કે સાહેબ, આ



Scanned by CamScanner

ટ્રેનમાં કોઈ આમ બેસી શકે નહિ. ડી. એસ. પી. દરજ્જાના પણ નહિ. આ ટ્રેનમાં વિમાન જેટલું ભાડું થાય છે. વડોદરા ફક્ત પેસેન્જર ઊતરનાર હોય છે.

અમારા ત્રણ પાસે કોઈ ઉપાય નહોતો. પણ મેં મનોમન વિચાર કર્યો કે ગુરુદેવ સિવાય કોઈ આ સંકટમાંથી ઊગારી શકે નહિ. સંકટ એ કે રતલામ જઈ પાછા વડોદરા આવી પછી અમદાવાદ બીજા દિવસે જવાય. મેં વિચાર્યું સમય બહુ થોડો છે. ગાયત્રી મંત્ર બોલતાં વાર લાગે. એટલે ફક્ત ગુરુદેવને જ પ્રાર્થના કરીએ. મેં પ્રાર્થના શરૂ કરી કે હે ગુરુદેવ, આ ગાડી ગમે તેમ કરીને ગોધરા ઊભી રાખો. અરે, સહેજ ધીમી ય પાડો. અમે કૂદી પડીશું. સહેજ વાગશે તો કહીશું કે અમારી ભૂલનું પરિણામ છે. હે ગુરુદેવ, ગોધરા તો તમારી જન્મભૂમિ છે, એટલે દયા કરો. તમારા ગામથી આગળ ન લઈ જાઓ. ગોધરાથી અમે ગમે તે સાધનમાં અમદાવાદ જઈશું. ગુરુદેવ તમારી શક્તિ અપાર છે. આપની અગાધ જાગૃત શક્તિ અમને ચોક્કસ મદદ કરશે જ. આ પ્રમાણે ઊંડા અંતરથી, ભાવથી, લાગણીથી બહુ જોરથી પ્રાર્થના કરવા લાગ્યો.

પણ વચ્ચે ટ્રેનમાં નોકરી કરતા પોલિસોએ અભિપ્રાય આપ્યો કે કોઈ પણ દિવસે ગોધરા ગાડી ઊભી રહી નથી. એટલામાં જ ગાડી સહેજ ધીમી પડી. મને થયું કે ઊભી રહેશે. પણ જમાદારે કહ્યું કે સિગ્નલ પસાર થઈ જવા માટે આપ્યું છે. આથી ઊભી રહેશે નહિ. એટલામાં ટ્રેન પાછી ગતિમાં આવી.

આમ ગડમથલ વચ્ચે મનોમન પ્રાર્થનાઆર્તનાદ ચાલુ જ હતાં.

છેલ્લી પ્રાર્થના કરી કે હે ગુરુદેવ, જો તમે હવે ગાડી ઊભી રાખશો તો અમે આવતી કાલે આપના દર્શને નાળિયેર લઈને આવીશું. (આ માત્ર મારા મનની ભાવના–પ્રાર્થના હતી. પૂ. ગુરુદેવ કોઈ પણ મુશ્કેલીમાં કોઈ પણ શરત મૂકવા કહેતા નથી તે વાચકો યાદ રાખે.) આમ પ્રાર્થના ચાલુ હતી. ટ્રેનની ગતિ બમણા વેગે દિલ્હી તરફ હતી. ગોધારા ½ કિ. મી. દૂર રહી ગયું હતું. એટલામાં જ ટ્રેન ગોધરા રેલવે સ્ટેશને આવી. બરાબર દરવાજા સામે જ ગાડી કોઈ વી. આઈ. પી. મહેમાનને ઊતારે તેમ વ્યવસ્થિત રીતે ઊભી રહી ગઈ. ક્ષણનોય વિલંબ કર્યા વિના અમે સૌ ટ્રેનમાંથી કૂદી પડયા – જય ગુરુદેવ કહીને.

આનન્દ સાથે આશ્ચર્ય થયું.

એક રીક્ષામાં બેઠા. રીક્ષાવાળાને પૂછ્યું : "આ ટ્રેન અહીં ઊભી રહે છે?"

તેણે કહ્યું : અહીં તો આ ટ્રેન પાણીના રેલાની જેમ ચાલી જાય છે. પણ કેમ ઊભી રહી તે ખબર ન પડી.

ગોધરા બસ સ્ટેશન ઉજડી ગયેલા કાગડાના માળા જેવું હતું. અમદાવાદની બસ રાત્રે દોઢ વાગ્યાની હતી. હાઈ વે પર આવ્યા. એક ટ્રક આવતાં તેમાં બેસી ગયા. ટ્રક અમદાવાદ જ જતી હતી. રાત્રે બે વાગ્યે અમદાવાદ પહોંચ્યા.

બીજે દિવસે કરેલી માનતા મુજબ નાળિયેર લઈને પૂ. ગુરુદેવના દર્શને ગયો ત્યારે ઘણાને આ જાણી આશ્ચર્ય થયું. ગુરુદેવને સઘળી હકીકત જણાવી અને નાળિયેર પૂ. ગુરુદેવના હાથમાં આપ્યું. ગુરુદેવે નાળિયેર અભિમંત્રિત કરી આપ્યું, જે મેં આજ દિન સુધી મૂકી રાખ્યું છે.

☐

# રાજદૂત

એક વાર શાસ્ત્રીજીની મુલાકાત લીધા પછી મુલાકાતી અપૂર્વ શાંતિ અનુભવે છે, એટલું જ નહિ અતિ અલ્પ પરિચયમાં પણ તે તેમની સાથે ખૂબ જ ઓતપ્રોત થઈને આત્મીયતા અનુભવે છે. શાસ્ત્રીજી આગન્તુકના ગુરુ તો ખરા જ, પણ જીવનના એક માર્ગદર્શક–સલાહકાર પણ બની જાય છે. વ્યક્તિ પોતાના જીવનના નાના મોટા પ્રશ્નો પરત્વે તેમનું માર્ગદર્શન–સલાહ માગે છે અને શાસ્ત્રીજીની સલાહ પ્રમાણે તે વર્તે છે. ખૂબ જ નાની–ક્ષુલ્લક ગણાતી બાબતોમાં પણ તે શાસ્ત્રીજીને પૂછ્યા વિના કાર્ય કરતા નથી. શાસ્ત્રીજી કહે તે પ્રમાણે જ વર્તે છે ને તેમના શબ્દોને વળગી રહે છે, તેમ કરતાં તે વ્યક્તિના વ્યવહારો સરળ બની જાય છે.

બાલાસિનોરના શ્રી પુજાભાઈ ડી. પરમારને નોકરીની બદલીનો પ્રશ્ન સતાવતો હતો. તેમણે પૂ. શ્રીનું માર્ગદર્શન માગ્યું ને તેમના આશીર્વાદથી તેમની બદલી તો થઈ પણ પછી તેમને સ્કૂટર લેવું હતું તેથી તે અંગે પૂ. શ્રીને પૂછ્યું. ગુરુદેવે તેમને કંઈક સહજ ભાવે જ કહ્યું : 'રાજદૂત'.

ને તેમણે રાજદૂત ખરીદી લીધું.

શ્રી પૂજાભાઈએ જણાવ્યું હતું કે ગુરુદેવના શુભાશિષથી મારી બદલી ઇચ્છિત સ્થળે બાલાસિનોરથી બીરપુર થઈ છે. હું તા. ૧–૮–'૯૧થી બીરપુર બરોડા બેંકમાં હાજર થઈ ગયો. ગાડી માટેની ઇચ્છા પણ પૂર્ણ થઈ છે. ગુરુદેવે રાજદૂત ગાડી કહી હતી તે જ ગાડી હું આણંદથી લાવ્યો.

---

**"ખરેખર ગુરુદેવનાં સહકાર–આશીર્વાદ મારા જીવનમાં ન હોત તો હું આટલું જીવન જીવી શકયો ન હોત આટલી પ્રગતિ પણ ન થઈ હોત. ગુરુદેવ મારા કવચ સમાન છે."**

---

ગુરુદેવના સંપર્કથી મારી ઉત્તરોત્તર પ્રગતિ થઈ છે. હજુ મને પથરીની બીમારી સતાવે છે. જીવનજળ ચાલે છે. ગુરુદેવના આશીર્વાદથી ૧૯૭૮માં નોકરી મળી. ૧૯૮૮માં પ્રમોશન મળ્યું. હુ માનસિક સમતુલા ગુમાવી ગાંડો થયો હતો. ગુરુદેવના આશીર્વાદથી સારું થયું. અઢી વર્ષ બાલાસિનોર નોકરી કરી અને પછી ઇચ્છિત જગાએ બદલી મળી.

મારે ગાડી લાવવાની ઇચ્છા હતી. એક દિવસ મેં ગુરુદેવને પૂછ્યું: મારે ગાડી લેવી છે. કઈ લઉં ?

ગુરુદેવે તરત જ કહ્યું: 'રાજદૂત.'

ગુરુદેવના કહ્યા મુજબ મેં રાજદૂત ગાડી લીધી. વતન કોયલાથી બીરપુર રોજ આવ–જા કરું છું.

ગુરુદેવ અમારા રક્ષક છે. મારી લાજ હવે તેમના શરણે છે.

મારા જીવનમાં શાસ્ત્રીજી જેવા સંતનો સહકાર છે. આશીર્વાદ છે, જેથી જીવન વ્યતીત થાય છે.

બદલી થવામાં ઘણું વિઘ્ન આવ્યું. ટેકનિકલ પોઈન્ટ પણ હતા. ગુરુદેવને બદલી અંગે જણાવતાં તેમણે કહ્યું હતું : જોઈશું. જેથી વિઘ્નો દૂર થઈ ગયાં. ગુરુદેવના શબ્દો અમૃત તુલ્ય થઈ પડયા. ગુરુદેવના શબ્દો મિથ્યા જતા નથી. મને તો ૧૯૭૬થી ગુરુદેવના આશીર્વાદના અનુભવો થયા છે. હું તેમનો ભવોભવનો ઋણી છું.

ખરેખર ગુરુદેવનાં સહકાર–આશીર્વાદ મારા જીવનમાં ન હોત તો હુ આટલું જીવન જીવી શકયો ન હોત. આટલી પ્રગતિ પણ ન થઈ હોત. ગુરુદેવ મારા કવચ સમાન છે.

□



Scanned by CamScanner



[illegible] પૂ. શ્રી [illegible]

Scanned by CamScanner